આ સર્વ સુમધુર
પુષ્પોની સુવાસ એટલેજ...

# અધ્યાત્મ

વર્ષ : ૧૪ નવેમ્બર–૧૯૯૨
અંક : ૨

પ્રેમ

શ્રધ્ધા

ભક્તિ

પ્રભુકૃપા

યોગ

ધર્મ

સાધના

સત્સંગ

Summit

## * શ્રેય અને સુખ ક્યાંથી થાય? *

પ્રભુ સાથે પ્રેમ કરીને માણસ પોતાના જીવનને ધન્ય કરી શકે છે. પ્રભુના નામમાં મન લગાડીને તે પરમસુખનો ભાગી બની શકે છે. જીવનમાં કરવા જેવું મુખ્ય કામ તે જ છે. પણ બહુ જ થોડા માણસોએ કરવા જેવું કામ કરે છે, એ એક આશ્ચર્ય છે. પ્રભુનું શરણ અને સ્મરણ માણસને માટે મંગલકારક છે. છતાં પણ તેનો આશ્રય લેનારા ઉમેદવારો આંગળીના વેઢે ગણાય તેટલા ઓછા છે. એ વાત વિચિત્ર લાગે છતાં સાચી છે. જે વસ્તુનો વહેલામાં વહેલી તકે ત્યાગ કરવો જોઈએ તે વસ્તુ માણસે પકડી રાખી છે, ને જેના સેવનથી તે સુખી થઈ શકે તેમ છે, તેને તેણે છોડી દીધી છે.

કામ, ક્રોધ, લોભ, મોહ, અભિમાન, કપટ ને અસત્યનો ત્યાગ કરવાથી લાભ થાય છે. મમતા, મદ અને આસક્તિ છોડવાથી પણ લાભ થાય છે. છતાં માણસે તેમને પ્રાણપ્રિય માની પકડી રાખ્યાં છે ને પ્રભુના નામ ને ધ્યાનનો તેણે ત્યાગ કર્યો છે. એ દશામાં તેના જીવનનું શ્રેય શી રીતે થઈ શકે? જેની સુંદરતા પાસે સમસ્ત સંસારની સુંદરતા કાંઈ વિસાતમાં નથી, જેના પ્રકાશ પાસે હજારો સૂર્યો ને ચંદ્રનો પ્રકાશ કાંઈ હિસાબમાં નથી, તેને છોડીને પરમાત્માના પડછાયા જેવા સંસારમાં પ્રીતિ કરે છે. મૃગજળથી તરસ છીપાવવા, રેતીમાંથી દૂધ કાઢવા ને પત્થરમાંથી પાણી કાઢવા જેવા તેના એ પ્રયાસોથી તે સાચું સુખ ક્યાંથી પામી શકે?

**યોગેશ્વરજી**



મા શ્રી સર્વેશ્વરી

## મા સર્વેશ્વરીની સાચી આધ્યાત્મિક ઓળખ

સર્વેશ્વરી મહાદેવી સર્વલોકનિવાસિની,
નમું તેને, નમું તેને, વારંવાર નમું નમું.
સૌંદર્યમૂર્તિ સામ્રાજ્ઞી, સ્વસ્વરૂપે પ્રતિષ્ઠિતા,
નમું તેને, નમું તેને, વારંવાર નમું નમું.

એ જ્યાં જ્યાં જશે, વસશે, વિહરશે ત્યાં ત્યાં તીર્થ બનશે. કારણ એ પરમતીર્થરૂપ છે. એટલે એમને અંજલિ આપતાં મેં કહ્યું છે કેઃ–

તમારાં ચરણોમાં તીર્થો છે,
સમસ્ત સંસારનાં તીર્થો છે.
તમારા શરીરમાં સરિતાઓ, સ્રોતો
અંગ પ્રત્યંગમાં પરમાણુમાં, પ્રાણના સ્પંદનોમાં
પરમધામ પ્રકટયાં છે.
તમે તીર્થસ્વરૂપ છો,
તીર્થો તમારા પરમતીર્થરાજમાંથી જ પ્રકટયાં છે.

આજે એ ફરી કહું છું કે સૌ કોઈ એમને ઓળખી, સમજી, સન્માની નહિ શકે. જેનો પૂર્વનો પુણ્યોદય હશે એજ અલ્પ પણ ઓળખશે, સમજશે, સન્માનશે. એ લાભાન્વિત થશે. ધન્ય બનશે.

યોગેશ્વરજી.


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| અંકના પ્રારંભે | તંત્રી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૪ |
| અમૃત પળોનો આસ્વાદ-૩ | ગોરધનભાઇ ડી. કલોલા (કલ્યાણ) | ૧૦ |
| કબીર-સુધા | પરમાર્થી | ૨૦ |
| ધર્મો રક્ષતિ રક્ષિતઃ | યોગેશ્વરજી | ૨૬ |
| આટલું બસ છે | ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) | ૨૯ |
| મન મારું.... | ડો. રણજિત પટેલ (અનામી) | ૩૦ |
| તપનું ફળ | કમલ સુથાર | ૩૧ |
| તપ કોને કહીશું? | પ્રભુલાલ દોશી | ૩૪ |
| આવો, આપણે પૂ. માને ઓળખીએ | નારાયણભાઇ હ. જાની | ૩૬ |
| પ. પૂ. માતાજી જ્યોતિર્મયીની પુણ્યતિથિ ઉજવાઇ | — | ૪૧ |
| પરિવર્તનનો પમરાટ | — | ૪૩ |
| સંતના સાન્નિધ્યનો ચમત્કારિક પડઘો | — | ૪૮ |


## * અંકના પ્રારંભે *

નવેમ્બર માસની તેરમી તારીખે પૂ. મા શ્રી સર્વેશ્વરીનો જન્મદિવસ છે. તેથી તેઓના સહવાસમાં પરદેશના અને ભારતના યુવક યુવતીઓ કેવા ભાવો અનુભવે છે, તે દર્શાવતા કેટલાક ટૂંકા લેખો આ અંકના પાનાંઓમાં સમાવવા પ્રયત્ન કરવામાં આવ્યો છે.

કોઇ સાચા સંતનું સાન્નિધ્ય માત્ર યુવા માનસ ઉપર કેવી સુંદર અસર પેદા કરે છે, કેવા ભાવો જગાવે છે અને તેના પરિણામે જીવનમાં કેવાં પરિવર્તનો આવે છે, તેનું દર્શન આ લખાણોમાં જોવા મળશે. કોઇપણ ઉચ્ચ કલા કે કૃતિ કે સારી આધ્યાત્મિક વ્યક્તિના સાફલ્યની એજ પારાશિશિ હોઇ શકે. જેના દર્શન, વાંચન અથવા સ્પર્શનથી મન અને અન્તર ઉર્ધ્વગામી બને, સદ્‌ગુણી બને કે પ્રભુપંથે પગલાં માંડે. આથી આ લખાણોની મુલવણી સાહિત્યીક દૃષ્ટિએ ન કરતાં તેને હૃદયના સાચા સમભાવથી સમજવા વિનંતી છે.

– તંત્રી (અધ્યાત્મ)

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો
—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૪ નવેમ્બર–૧૯૯૨ અંક : ૨


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૨૭–૧–૮૧, પોષ વદ સાતમ, ૨૦૩૭, મંગળવાર**

**સ્થળ : ૫૫, અરુણોદય સોસાયટી, વડોદરા.**

આજે પૂ. શ્રીના મુખ્ય મુલાકાતીઓમાં એમનાં બેન ને સ્વજનો, શ્રી જે. વી. શાહ, કપૂરાનું ગ્રુપ પણ હતું. સવારની બેઠકમાં ખાસ ચર્ચા ન થઇ. સાંજે છેલ્લું પ્રવચન પૂર્ણ થયું. પૂર્ણાહુતિનો કાર્યક્રમ વ્યવસ્થિત રીતે પૂર્ણ થયો અને દોલતભાઇ નાયકના આમંત્રણનો સ્વીકાર થયો. જેથી ૨૮–૧–૮૧ ના ફર્ટિલાઇઝરનગરમાં પ્રવચનની ગોઠવણ થઇ.

**તા. ૨૮–૧–૮૧, પોષ વદ આઠમ, ૨૦૩૭, બુધવાર**

ફર્ટિલાઇઝરના પ્રવચનનો મુખ્ય વિષય માનવનો અશાંતિનો પ્રશ્ન–એ હતો. આખાયે પ્રવચનમાં પૂ. શ્રીએ ખૂબ પ્રસન્નતાથી વાતો કરી જેમાં રાઇટ ટર્ન, લેફ્ટ ટર્ન, એબાઉટ ટર્ન, અને સંયુક્ત



કુટુંબના લાભો, અમેરિકામાં નીતિના ધોરણની વાતો થઇ. આખો હોલ પ્રેક્ષકોથી ખીચોખીચ ભરાયેલો હતો. સૌને ખૂબ આનંદ થયો.

પ્રવચન બાદ ત્યાંના એક ત્રિવેદી ભાઇએ સાત દિવસ પ્રવચન માટે આમંત્રણ આપ્યું. અહીં ફર્ટિલાઇઝરનગરમાં મનોરંજનનો હોલ, સુંદર શિવાલય, સંત નિવાસ, ગેસ્ટ હાઉસ, થિયેટર વિગેરે પોતાનાં છે. સગવડ સરસ છે. ૨૦૦ વર્ષ જૂના વડનું દૃશ્ય કબીરવડનું સ્મરણ કરાવે તેવું છે.

ખૂબ ભાવિક ભક્તોની વચ્ચે આ કાર્યક્રમ થયો. ખૂબ આનંદ આવ્યો. રાત્રે ૯.૧૫ કલાકે ફરી ઉતારા પર પાછા આવી ગયાં. અલ્પાહાર બાદ આરામ.

**તા. ૨૯–૧–૮૧, પોષ વદ નોમ, ૨૦૩૭, ગુરુવાર.**

નિત્ય નિયમ મુજબ કાર્ય ચાલ્યાં કરે છે. આજે સૌને મુલાકાતનો સમય આપ્યો છે. એ મુજબ સૌ સાંજે આવીને બેઠા છે.

આજે સવારે સિદ્ધપુરુષ સરસ્વતીનંદનના શિષ્ય પૂ. શ્રીને મળવા આવે છે. તે માનસિક વિકૃતિથી પીડાય છે. તેથી વારંવાર ઊભા થઇ શ્લોકો બોલી પૂ. શ્રીને પ્રણિપાત કરતાં જોરથી માથું પછાડે છે. તેમને કોઇક પ્રકારની અશાંતિ ઘેરી વળી છે. જેથી સૌને ચિંતા છે. એથી જ શરણે લઇ લો, શાંત કરી દો એવું માગે છે.

સૌ પ્રણામ કરી પોતાની બેઠક લે છે. પ્રશ્નો પૂછો, એવી સૂચના મળી. પ્રશ્નોત્તર શરૂ થયો.

**પ્રશ્નઃ**–મહર્ષિ અરવિંદ મહાયોગી હતા છતાં મૃત્યુને કેમ જાણી ન શક્યા?

પૂ. શ્રીઃ–ભગવાનને જણાવવું હોય તો જ જણાવે. ઘણા સાધકોને નથી જણાતું. મહાન ભક્ત કે જ્ઞાનીને એ જ્ઞાન ન થાય એનો અર્થ એવો નથી કે તેઓ જ્ઞાની ન હતા, ભક્ત ન હતા, શ્રદ્ધાળુ સાધક ન હતા.

પ્રશ્નઃ–પ્રભુદર્શન માટે ધ્યાન ને જપ–બેમાંથી કયું સાધન ઉપયોગી?

પૂ. શ્રીઃ–જપ સાથે ધ્યાન કરો. મનને જપમાં જોડો. સ્વરૂપનું જ નામ, ને તેનું જ ધ્યાન ઉપયોગી થશે.

બીજા પ્રશ્નો વિજ્ઞાનની શોધ વિષે, શંકરનો પ્રસાદ–ગાંજો, ભાંગ વિષે, વળી ધર્મ ને અધ્યાત્મમાં શું ફેર, એ અંગે પૂછાયા. ઉત્તરો ખૂબ લાંબા હોવાથી ન નોંધ્યા. સૌ પ્રણામ કરી વિદાય થયાં.

અલ્પાહાર બાદ પૂ. શ્રી કૈલાસબેનને (જે નિયમિત પૂ. શ્રીનું ભોજન બનાવવા આવે છે) કહે છે :

"જુઓ, મમતા કોઈનામાં રાખશો નહીં. જેટલી રાખશો તેટલી તે દુઃખદ બનશે. હા, મમત્વ રાખવું જ હોય તો ભગવાન-માં અને અમારા જેવા સંતોમાં રાખો, તો સંસાર તરી જશો."

આવતીકાલે અમદાવાદ જવાનું પૂ. શ્રી ચોક્કસ વિચારે છે. જેથી જીતુભાઈ, કુંદનબેનને મોરબી આવવા માટેની આગ્રહભરી સૂચના આપે છે. આવતીકાલે સાંજે પૂ. શ્રીને જવું છે પણ જીતુભાઈ પરમદિવસે નીકળીશું એમ ઇચ્છે છે. એક દિવસ અહીં વધારે રહે એવી એમની ભાવના સ્વાભાવિક છે.

જીતુભાઈની વાત ઉપરથી પૂ. શ્રી કહે "કાલે સવારે સ્નાન પછી જગદંબાને પૂછી જોઈશું. પણ કાલે જવું–અમદાવાદ જવું



જરૂરી છે. થોડું કામ છે. વળી કાલે બપોરે નીકળીએ એટલે પૂરતો આરામ પણ મળી જાય ને ત્યાં ઘર પણ ભાવિક છે. એટલે કાલે જવામાં વાંધો નથી, છતાં કાલે પૂછીશું"

આજે વાતોમાં જ સાડા દશ થઈ જાય છે. પછી આરામ.

**તા. ૩૦–૧–૮૧, પોષ વદ દશમ, ૨૦૩૭, શુક્રવાર**

સવારે નિયમ મુજબ નિત્યકર્મ પતાવી પૂ. શ્રી જગદંબાને પૂછે છે. આજે અમદાવાદ જવું છે ક્યારે જઈએ વગેરે. પરમશક્તિની આજ્ઞા મુજબ પોતાનું સમસ્ત જીવન ચાલે છે. આજે અમદાવાદ જવું જ છે એવી ખાસ ઇચ્છા પૂ. શ્રીની છે, છતાં પરમશક્તિ ના લખે છે. વારંવાર એટલે કે છ–સાત વાર પૂછે છે, તો પણ ના જ કહે છે. તેથી પૂ. શ્રી પોતાનો અમદાવાદ જવાનો આજનો નિર્ણય બંધ રાખે છે.

સાડા અગિયારે શ્રીચંપકભાઈ, શ્રીવિનુભાઈ, શ્રીમૂળશંકર જાની તથા બે બેનો પૂ. શ્રીના દર્શને આવે છે, ગુજરાત પુસ્તકાલય મંડળની વાતો થાય છે. પ્રાર્થના સાધના છે–એ પુસ્તકની વિગતવાર વાતો થાય છે. આ નવા છપાનારા પુસ્તકમાં કેવાં કેવાં પ્રકરણો, કેવી પ્રાર્થના, પ્રાર્થનાથી થતા લાભોની વાતો થાય છે.

એ પુસ્તકની કથાવસ્તુના કાગળપર મથાળુ ઝાંખુ થઈ ગયું હતું. પૂ. શ્રી એ મથાળા પર ફરી પેન ફેરવતાં કહે છે, "અમારું આ જ કામ છે. ઝાંખાને પ્રકાશમય કરવાનું. વરસોથી એ જ ધંધો છે. નિરાશા, નાહિંમતથી ઝાંખા થયેલાને નવી આશા, નવી હિંમત આપવાનું કામ અમે તો કર્યા કરીએ છીએ."

પૂ. શ્રી પોતાને મળેલી પરમશક્તિની સૂચનાની વાતો

જીતુભાઇને કહે છે, તેઓ આનંદમાં આવી જાય છે. આરામ પહેલાં પૂ. શ્રી મગભાતનું ભોજન લે છે. આ ઘરનાં યજમાન પત્ની શ્રી કુંદનબેનને આજે શુક્રવારનો ઉપવાસ છે. પૂ. શ્રી એમને આગ્રહ કરે છે—શીખંડ ખાવાનો. જો તમે ખાશો તો પોતે પણ ખાશે. એમ કહે છે. શ્રી જીતુભાઇ શીખંડ, આઇસક્રીમ વિગેરે લઇ આવે છે. અમે સૌ તેને પૂ. શ્રીની હાજરીમાં જ ન્યાય આપીએ છીએ.

સાંજે વિશ્વવંદ્ય ઉદ્યાનમાં શ્રી વિષ્ણુપ્રસાદ મજમૂદારને માંદગી પ્રસંગે મળવા જવાનું બને છે. એક કલાક ત્યાં યાત્રાની, માતાજીની માંદગીની, વિદાયની વાતો થાય છે. અહીં સાત વાગ્યે આવવાનું બને છે. ભાવિક ભક્તો છ વાગ્યાના રાહ જોતા ભજન ગાતા બેઠા છે. પૂ. શ્રી નાનકડો છતાં સુંદર સંદેશો કહે છે :

"અહીં બેઠા છે તે સૌ પોતપોતાના મંત્રજપ વધારે ને વધારે કરજો. કોઇનું બને તો ભલું કરી છૂટજો. સારું જ બોલજો, સારું જ વિચારજો. સદ્‌ગુણોને જ જોજો. તે જ યાદ રાખજો. તો જ સંસાર ચાલશે. જૂના ચોપડાઓ. નહીં ઉકેલતા. પેલાએ મને ગયે વરસે આમ કહેલું, આમ કરેલું—એ યાદ ન રાખવું. હવે તે કેવો છે ને શું કરે છે, શું કહે છે તે જ વિચારવું. ભગવાન પણ એવા જૂના ચોપડાં યાદ રાખતા નથી. તો આપણે પણ ભગવાન જેવા જ થવું જોઇએ ને? સૌએ સત્કર્મમાં સહકાર આપવો. બધા પોતપોતાને સ્થાનેથી સત્કર્મમાં મદદરૂપ થાય છે તેમ થવું, હું પેપરમાં ન આપું ને કુંદનબેન કેમ આપે? એવું ન વિચારવું, એ પણ સત્કર્મ જ છે ને પ્રવચનની ટૂંકી નોંધ પેપરોમાં કુંદનબેન આપે તે પણ તે કામ મારાથી ન થયું એટલે—એમાં ઈર્ષ્યા ન રાખવી વગેરે."



જીતુભાઇના પિતાજી પૂ. શ્રીની આરતી ઉતારે છે, 'ગુરુદેવ હે યોગેશ્વરજી' આરતી પૂરી થાય છે. ત્યાં પિતાજી સર્વેશ્વરી પાસે આરતી લઇને સૌને કહી રહ્યા છે, ગાઓ, એટલે સૌ ભક્તો "હે સર્વેશ્વરી હે કરુણેશ્વરી" બોલે છે.

આરતી સત્સંગ બાદ સૌને પ્રસાદ આપી પ્રણામ કરી વિદાય થવાનું બને છે. કૈલાસબેનને તથા તેમના પતિદેવને પૂ. શ્રી ખાસ કહે છે : "ગઇકાલની વાત યાદ રાખજો. મમત્વ કોઇનામાં ન રાખો. ભગવાનને માટે એ વચ્ચે આવે છે. રાજુભાઇને ઉદ્દેશીને પણ પૂ. શ્રી ખૂબ સ્પષ્ટ વાતો સનાતન સત્ય કહી રહ્યા છે."

આજે ખીચડીનું ભોજન લીધું. બાદમાં મુંબઇ વોરા કંપનીને પત્ર લખાવે છે. પૂ. શ્રી આજે ત્રણ ગીતો ખૂબ પ્રસન્ન બનીને સર્વેશ્વરીને ગાઇ સંભળાવે છે. વડોદરામાં જે ગીતો લખાયાં તેમાંનાં "આયુ ન માંગુ, અંતરના અંધારને દૂર કરી દો, હે ભગવન્, એવું મેં ના માંગ્યું—તે ભાવાર્થનાં એ ગીતો હતાં.

ગીતોના મધુરગાન બાદ આરામ. હરિઃ ૐ (ક્રમશઃ)

○

## ચૂંટેલા પુષ્પો

ક્રોધ ને કામના આવેગની અસર નીચે આવીને માણસ ના કરવાનાં કામ કરી બેસે છે. એની બુદ્ધિ ચંચલ થઇ જાય છે ને વૃત્તિ અંધ.

સત્પુરુષોનાં દર્શન તથા સમાગમનો લાભ પુણ્યોના પરિપાક વિના નથી મળી શકતો અને એ લાભ મળે છે તો વિફળ નથી જતો પરંતુ અમોઘ ઠરે છે. યોગેશ્વરજી

# અમૃતપળોનો આસ્વાદ-૩

ગોરધનભાઈ કલોલા

હમણાં હમણાં આપણને એ પાવન શ્રી માતૃચરણે બેસવાનો અદ્‌ભુત લ્હાવો મળ્યો છે. એ શ્રી ચરણોનું સામર્થ્ય તો જેઓએ એ શ્રીચરણોમાં મસ્તક મૂક્યું છે, શરણાગતિ સ્વીકારી છે તેઓએ અનુભવ્યું છે. એ મારુ શ્રી ચરણોમાંથી નિત્ય નિરંતર વહે છે માતૃવાત્સલ્યનાં વહેણો. માતૃહૃદય તો એ શ્રીઅંગના અણુએ અણુમાં સ્પંદિત થઈ રહ્યું છે, માતૃહૃદય છે ને! એટલે એ એક હાથે નહિ પણ હજારો હાથે વહાલ વરસાવે છે. નાના શા નયનોમાં વહે છે પ્રેમનાં પૂર! એ દ્રવિભૂત વાણીમાં પ્રકટે છે. અનુરાગની અનંત સૃષ્ટિ!

જેઓ જાગ્યા છે, તેઓ વળગ્યા છે એ પદાંબુજે. વ્હાલની વીણાના પ્રેમરસભીના સુરોનો સ્વાદ માણવામાં મગ્ન બન્યા છે.

રોમરોમમાં ફુવારા ઉડે રસના લાખહજાર,
મંગલ મુખમાં ફુટી રહી છે અબજો મધુની ધાર.
મળતો સ્વાદ અપાર, જીવન જાગે;
મુક્તિ, સ્વર્ગ વળી મનડું શું માગે!

એ વ્હાલની વીણાના સૂરે જાગેલા જીવનનું એક અનુપમ દર્શન માણીએ! ૨૧, નવેમ્બર '૯૦ નો એ દિવસ રાતના બે વાગવા આવ્યા છે, છતાં પૂ. મા છોકરાઓને જાગતા રાખીને, એના જીવનની ચોકી કરતાં સાવધાન થઈને બેઠાં છે. આખા દિવસની યાત્રાનો થાક, અને શરીરે ભરાયેલા તાવની દરકાર કર્યા



વિના મસ્તકે ગરમ મફલર અને શરીરે ગરમ કોટ પહેરીને પણ એ માતૃવાત્સલ્યની વીણા મધરાતે પણ એવી જ રસઝરતી વાગી રહી છે. શીરડી શ્રી ક્ષેત્રમાં આવેલી એ ગોરડીયા હોટેલના એ વૈભવી ઓરડાની કુમાશભરી સેજપર પૂ. મા સૂતાં નથી, પણ જાગતાં બેઠાં છે. આપણું શું ગજું કે એ જાગરણ પાછળની ઝંખના કેવી તીવ્ર હશે તે માપી શકીએ? તેમ છતાં એ દિવ્ય માતૃહૃદયની અભીપ્સા એ નયનોના નિરપેક્ષ નેહમાં વ્યક્ત થયા વિના રહી શકતી નથી! પરમ કલ્યાણની ભાગીરથી એ માતૃ-સ્વરૂપમાં વહી રહી છે. એ જાગરણની ઝંખનામાં, કોઈ તપ્યાની છાંય બનવા સિવાય બીજું શું હોઈ શકે?

અમારા તેજથી અંધાર પથ કોઈકના ઝગતા,
પ્રકાશિત થાય જો કોઈ, મજા એમાં રહી ભારી.

પૂ. માના જીવનદર્શનનું આ દર્શન છે. દિવ્ય માતૃત્વની ગંગાજમનાનું અવતરણ એ માતૃસ્વરૂપમાં પ્રકટરૂપે વહી રહ્યું છે.

છો સ્નાન કરે કૈં એમાં, પલટાવે જીવન તેમાં,
છો કાગ હંસમય થાયે ને પાપી પુણ્યે નહાયે;
તનમનના મેલ બધાયે સદાયે વહાવું!
પ્રેમની ગંગાજમનાને વિશ્વમાં વહાવું!

રાતના બબ્બે વાગ્યા સુધી પૂ. મા છોકરાઓને લઈને એકવાર નહીં પણ અનેકવાર આ માતૃકલ્યાણની સરિતામાં સ્નાન કરાવતાં બેસે છે. પૂ. માના તપની આ પણ એક તમન્ના છે. પ્રભુપંથે સૌ ચાલતા થાય એટલા માટે પૂ. મા કાંટા કંકરને વાળી ઝૂડીને સાફ કરીને સૌને માટે કેડી કંડારી રહ્યાં છે.

શ્રી સાઈનાથ ધામમાં રાતના બે વાગ્યે પૂ. મા સત્સંગસુધાનું

પાન કરાવતાં બેઠાં છે. રખે માનતા કે પૂ. માની સત્સંગસભા એટલે વેદ ઉપનિષદ કે બ્રહ્મસૂત્રના રહસ્યોનું ઉદ્‌ઘાટન! અહીં તો શ્રી શ્રી મા શારદાની જેમ જયરામવાટીના ઓટલે બેસીને છોકરાઓ સાથે થતો વાર્તા વિનોદ, તેજ વેદ, ઉપનિષદનો સાર! શ્રી વિવેકાનંદજી આવે એટલે શ્રી શ્રી મા શારદા સ્વયં તેમને માટે ચણાની દાળ બનાવે, પાસે બેસીને, મસ્તકે વરદ હસ્ત ફેરવતાં જમાડે ત્યારે એ માતૃપ્રેમસુધામાં બ્રહ્મજ્ઞાન છાનુંમાનું આવીને ભળી જતું! આ છે પૂ. માની ગુરુકુલ પદ્ધતિ! અહીં શિક્ષા ને દીક્ષા છે પરમપ્રેમની! અહીં તો એ શ્રીચરણે શીશ નમાવતાંની સાથેજ વહાલભર્યો ધબ્બો પીઠપર પડે એટલે છોકરો ટટ્ટાર થઈ જાય! જાગી જાય! પરમપ્રેમને પંથે પડી જાય! કંઈ કેટલાયના જીવનપંથને પૂ. માએ ઉજાળ્યા છે. ભગવાન નારદની જેમ એ વિચરતી માતૃપ્રેમની ગંગા દેશવિદેશમાં ફરી વળે છે, હજારો સ્નાન કરીને પવિત્ર થયા છે, કૃતકૃત્ય અને ધન્ય બન્યા છે.

પૂ. માની આ વિચરતી પુણ્યયાત્રા આજે સાઈનાથ પ્રભુના ધામમાં આવી છે. આ પુણ્યયાત્રાના યાત્રિકોના કલ્યાણ માટે પૂ. મા એક એક ક્ષણનો સદુપયોગ કરી રહ્યાં છે. ક્યાંય જરા સરખી પણ બેદરકારી નથી. દુનિયાદારીની વાતો માટે અહીં સમય નથી. રાતના બે વાગ્યે પણ પૂ. મા યાત્રિકોને સાવધ કરતાં કહે, "સાપ અને નોળિયાની લડાઈમાં, નોળિયો થાકે એટલે જેમ નોળવેલ સુંઘીને ફરી પાછો યુદ્ધ માટે તૈયાર થઈ જાય છે, તેમ તમે પણ બધા અત્યારે સત્સંગરૂપી નોળવેલ સુંઘવા આવ્યા છો, તમારા શ્વાસ અને પ્રાણમાં એ સત્સંગ સુધા ભરીને એ ષડ્‌રિપુઓ સામે સતત જંગે ચડો, હારો નહીં, થાકો નહીં, આ યાત્રા દરમ્યાન જે મૂડી મળી છે, તેનાથી પ્રભુપંથની યાત્રા શરૂ કરી દો."



પૂ. મા રાતોની રાતો જાગે છે, અને તે જાગરણેય સાર્થક થતું લાગે છે. જે જે હૃદયાસન પર એ પાવન શ્રી ચરણોની છાપ ઉઠી છે, તે તે માનવમંદિરોમાં પલટાતાં જાય છે. ગુરુદેવ પ્રભુના માનવમંદિરના નવનિર્માણના શુભકાર્યને પૂ. માએ જોશભેર ઉપાડયું છે. ખંડિયેર જેવી દશામાં હાલતાં ચાલતાં એ માનવ હાડપિંજરોમાં પ્રભુની પ્રાણ પ્રતિષ્ઠા કરી, એ મંદિરોના શિખરે પ્રેમ, પવિત્રતા અને પ્રસન્નતાની ત્રિરંગી ધજા–પતાકાઓ ફરફરતી કરી છે. નાના બાળકથી માંડીને મોટા બાળક સુધી સૌના મન મંદિરમાં એ પરમશક્તિની પુનિત આરતીઓના મંગલગાન ગુંજી રહ્યાં છે. દેશપરદેશમાં, રાત અને દિવસ સતત પૂ. મા પોતાના યુગકાર્યને મૂર્તિમંત કરવા શરીરને હોડમાં મૂકીને પણ ઘૂમી રહ્યાં છે!

આ શીરડી શ્રી ક્ષેત્રમાં રાતના બે વાગ્યાનો સત્સંગ એક ઉદાહરણ છે, પરંતુ આવી સત્સંગ સભાઓ તો લગભગ દરરોજ રાત અને દિવસની મર્યાદાને વિસરી જઈને થતી રહે છે. પૂ. મા સત્સંગ પાછળ સમય અને શરીરની મર્યાદા બિલ્કુલ જાળવતાં નથી. બસ, મંડયા જ રહે છે. એ કલ્યાણકાર્યના નવસર્જનમાં!

આ શીરડી શ્રી ક્ષેત્રની યાત્રાની ફલશ્રુતિ શું? બીજું શું હોઈ શકે? આ સાઈનાથ પ્રભુના ધામમાં પૂ. માનું સાક્ષાત્ દર્શન જ સ્તો! આ શ્રીધામમાં શ્રી સાઈપ્રભુ પ્રત્યેના પરમપ્રેમને પોતાના આંચલમાં લઈને વિરહતા પૂ. માને જોવાં તે આ શ્રીક્ષેત્રની યાત્રાનું સાર્થક્ય છે. અત્યારે દિવસના અઢી વાગ્યા છે. પૂ. મા યાત્રિકો સાથે સાઈપ્રભુના દર્શને મંદિરમાં પધાર્યાં છે! બસ, પ્રભુની સામે જ સૌ સાથે બેસી ગયાં છે, આસન ગ્રહણ કરવાના આગ્રહને પણ માન્ય કર્યો નથી. પ્રભુપ્રેમની મસ્તીનું દર્શન પૂ.

મામાં હરપળે થયા જ કરે! અહીં બેઠાં નથી કે હું સાઇપ્રભુની ધૂન, સ્તુતિ અને આરતીમાં મગ્ન થયાં નથી! એકાદ કલાકની એ ભજનમસ્તીમાંથી જાગ્યાં ત્યારે સૌના અંતર પ્રભુપ્રેમની ભીનાશ-થી આર્દ્ર થયાં હતાં, પૂ. મા એક મોટો પુષ્પહાર પ્રભુને પહેરાવી ઘૂંટણિયે પડી પ્રણામ કરે છે. પૂ. મા મંદિરમાં દર્શન વંદન કરી, શ્રી સાઇપ્રભુ શીરડીમાં આવ્યા ત્યારે જે લીંમડાના વૃક્ષ નીચે પ્રથમ આસન લીધું હતું ત્યાં સૌ યાત્રિકો સાથે આવ્યાં છે. અહીં પૂ. મા સૌને સ્વહસ્તે તિલક કરે છે, ત્યાંથી પૂ. મા સાઇપ્રભુના લીલાસ્થાન સમાં દ્વારકામાઇમાં પધાર્યાં છે. જેના પર સાઇબાબા બેસતા તે પવિત્ર શીલાનાં સૌ દર્શન કરે છે. સૌને સ્વહસ્તે બાબાની પવિત્ર ભસ્મની પ્રસાદી આપે છે. ફરીથી પૂ. માએ દ્વારકામાઇમાં આસન જમાવ્યું અને ફરીથી એજ ભજનરસની અલૌકિક મસ્તીમાં ડૂબી ગયાં! છોકરાઓએ તાલીઓના તાલે ગરબે ઘૂમતાં, વાતાવરણને ભક્તિરસ ભીનું બનાવી દીધું! તે દિવસે સાંજની સત્સંગસભામાં પૂ. માએ શ્રી સાંઇપ્રભુના લીલાપ્રસંગો કહ્યા.

શ્રી ગુરુદેવપ્રભુ અને પૂ. માના સાધનામય જીવનમાં શ્રી સાઇબાબાનો કૃપારસ ભળતો રહ્યો છે. એ પરમપુરુષોની અલૌકિક દિવ્યમૈત્રી થકી અનેક દિવ્યપ્રસંગો સાકાર થતા રહ્યા છે. એ પરમપુરુષોના પરસ્પરના આદરભાવ, વિનમ્રતા અને ઈશસામર્થ્યના અનેક પ્રસંગો આજે પણ સાક્ષી પૂરી રહ્યા છે. એટલે તો પૂ. મા આજે છઠ્ઠી વખત આ પુણ્યક્ષેત્રની યાત્રાએ પધાર્યાં છે!

પૂ. મા યાત્રામાં સાથે હોય એટલે સાચી યાત્રા તો એ પરમ સાન્નિધ્યની જ બની જાય છે. એમની હર હરકતોમાંથી



નિર્દોષતા, પવિત્રતા અને પ્રસન્નતા વ્યક્ત થતી રહે છે. બસ, આ દર્શન જ મહાયાત્રા બની જાય છે. આ રહ્યું નિર્દોષ બાલક જેવું હાસ્ય દર્શન! રાતની સત્સંગસભા વખતે પૂ. મા દરેકને પોતાના અનુભવો વ્યક્ત કરવાનું કહે છે. અમેરિકાથી આવેલા ગુલાબ-બેનને પૂ. મા કહે "ચાલો, ગુલાબમાતા તમે તમારા અનુભવો કહો" અમે સાથે હોઇએ એટલે અમે જન્મોજન્મના સાથી અને ઘેર જાય એટલે ઘરના જન્મોજન્મના સાથી. આ સાંભળતાં સૌ મુક્ત મને હસી પડયાં ! આ નિર્દોષહાસ્ય સત્સંગનું જ એક સ્વરૂપ છે ને? એ પવિત્ર અંતઃકરણમાં પ્રાર્થનાના કેવા પડઘા પડે છે તેનું પણ દર્શન કરી લઇએ.

અમેરિકાથી આવેલા ભગવાનજીભાઇને પૂ. માએ તેર નવેમ્બરના પ્રાકટય મહોત્સવ પ્રસંગે ગુલાબનો હાર પ્રસાદીમાં આપેલો, પરંતુ ચૂક થતાં એ હાર પાછો મળ્યો નહી. શ્રી ભગવાનજીભાઇને પ્રસાદીનો હાર ગૂમ થતાં ક્યાંય ચેન પડે નહીં! મન ખિન્ન રહ્યાં કરે, વારંવાર હારની સ્મૃતિ અંતરમાં ઉભરાઇ આવે. આવી સ્થિતિમાં તેમના અંતરમાંથી પ્રાર્થના સહજ સરી પડી. "મા મને ગુલાબનો હાર પાછો આપો જ આપો." પૂ. માએ એક વખત એક ગલગોટાનો હાર પ્રસાદીમાં આપ્યો પણ એથી તેમને સંતોષ થયો નહીં, તેમણે પ્રાર્થના ચાલુ જ રાખી. શીરડીમાં રાતના સત્સંગ વખતે પૂ. મા પાસે એક ગુલાબનો હાર પડેલો પણ માગવો કેવી રીતે? ગુલાબના હાર સામે જોઇને પ્રાર્થના ચાલુ જ રાખી. સત્સંગ પૂરો થયો, સૌ વિખેરાયા, પૂ. માએ ભગવાનજીભાઇને ફરીથી બોલાવ્યા ને કહ્યું, "લે, આ ગુલાબનો હાર, હવે સંતોષ થયોને? તેર નવેમ્બરની ઇચ્છા પૂરી થઇને?" શ્રી ભગવાનજીભાઇ શું બોલે? તેમનાથી એ શ્રી ચરણોમાં લપેટાયા સિવાય રહેવાયું નહીં.

ક્યારેક રમતિયાળ છોકરાઓને આ ગમતી માને પ્રાર્થનામાં પડકાર ફેંકવાની ઈચ્છા થઈ આવે. ચાલો જોઈ લઈએ એ પડકાર અને પ્રતિકારની શક્તિને! પૂ. મા અહીં દેવલાલીમાં શ્રીમદ્ રાજચંદ્રના પવિત્ર સ્થાનમાં દર્શને પધાર્યાં છે. પૂ. માએ તે પવિત્ર સ્થાનમાં બેસી શ્રીમદ્‌ની સ્તુતિ, સ્તવનનું ભાવપૂર્વક ગાન કર્યું. એ શાંતિભર્યા સ્થાનમાં થોડીવાર શાંતિથી બેઠાં, પૂ. માને શ્રીમદ્‌નું જીવનકવન ખૂબ ગમે. તેથી તેમનું સાહિત્ય વાંચે અને તેમના પવિત્ર સ્થાનોની યાત્રા કરતાં રહે. પાછા વળતાં દરવાજા પાસે એક ગોરસ આંમલીનું ઝાડ જોયું! છોકરાઓએ આંમલી પાડી પૂ. માને ધરી, પૂ. માના વરદહસ્તમાં લાલચટક આંમલીના દાણા મોંમા પાણી લાવતા હતા! વચ્ચે પૂ. મા અને આસપાસ સૌ છોકરાઓ આંમલીની પ્રસાદી માટે હાથ ધરીને ઊભા હતા, કેનેડાથી આવેલા રમતિયાળ રાજુભાઈને મનમાં તુક્કો સૂઝી આવ્યો કે પૂ. માના વરદ્‌હસ્તમાં રહેલી આંમલીમાંથી સૌથી મોટો જે લાલ દાણો છે તે મને પૂ. મા આપે તો સાચાં! પૂ. માએ તેજ ઘડીએ તે લાલ દાણઓ રાજુભાઈને આપતાં કહ્યું, “લે, આ તારી પ્રાર્થનાનો જવાબ” જેવો પ્રાર્થનાનો પડકાર, એથીયે વિશેષ જવાબી પ્રતિકાર!

શીરડીથી આણંદી જતાં ભારતીબેનના મનમાં પણ રાજુભાઈ જેવો જ તુક્કો મનમાં સૂઝી આવ્યો. બસમાં બેઠાં બેઠાં બાવળ જોયો ને થયું કે પૂ. મા બાવળની સોટી દાંતણ માટે આપે તો મા ખરાં! પૂ. મા આગળ મોટરમાં યાત્રાપ્રવાસ કરતાં હતાં ને ભારતીબેન પાછળ બસમાં હતાં. પૂ. માએ તુરત જ ડાયરેક્ટ ડાયલ પર ટોન સાંભળ્યો, મોટર થંભાવી, બાવળનાં દાતણની સોટી ડ્રાઈવર પાસે કપાવી, ભારતીબેનને બોલાવ્યાં ને કહ્યું, “લે,



આ તારી દાતણની સોટી! શ્રી ભારતીબેનની એવી પણ ઈચ્છા થઈ કે પૂ. માના સાન્નિધ્યમાં શીરડીમાં શ્રી સાઈબાબાની કૃપાનો અનુભવ થાય તો સારું? અંતરતમમાંથી થયેલી પ્રાર્થનાનો જવાબ તો જ્યારે શ્રી ભારતીબેન શ્રી સાઈપ્રભુના દર્શને ગયાં ત્યારે થયો. શ્રીસાઈબાબા સમક્ષ ભાવપૂર્વક પ્રાર્થના કરતાં દર્શન કર્યાં તો બાબાની મૂર્તિ જીવંત લાગી, બાબાના મુખારવિંદપર પરસેવાનાં બિંદુઓ ચમકતાં હતાં! બાલભાવે બાળકો પૂ. માને પ્રાર્થે અને પૂ. મા બાળકોની ઈચ્છા પૂરી ન કરે એવું બને ખરું?

એ શ્રીમુખમાંથી સહજ જ બોલાયેલા શબ્દો કેવા સત્ય ઠરે છે તેનો અનુભવ વડોદરાના કૈલાસબેન જોષીને આ યાત્રામાં જોડાવા પ્રસંગે થયેલો! પૂ. માએ બે વર્ષ પહેલાં શ્રી કૈલાસબેનને પૂછેલું કે “શીરડીયાત્રાએ ગયાં છો? ના ગયાં હો તો ક્યારેક આપણે જઈશું.” આ શીરડીયાત્રા વખતે લીસ્ટમાં કૈલાસબેનનું નામ ન હતું. છેલ્લી ઘડીએ અમદાવાદના માલતીબેનની ટીકિટ સંજોગોવશાત્ કેન્સલ થઈ અને પૂ. માએ સહજ જ કૈલાસબેનને કહ્યું કે શીરડીની યાત્રા કરવા આવવું છે ને? બેસી જાઓ બસમાં! શ્રી કૈલાસબેનને તો કલ્પના પણ ન હતી. પરંતુ તરત જ તેમને બે વર્ષ પહેલાં પૂ. માએ આપેલું વચન યાદ આવ્યું! વચન સત્ય કર્યું તેનો આનંદ તો કૈલાસબેનને હતો પરંતુ એથીયે વિશેષ આનંદ શીરડી સાથે પૂ. મા સર્વેશ્વરીના સાન્નિધ્ય સુખનો હતો!

દિવ્ય માતા અને તેના છોકરાઓના આ છે ગમ્મતભર્યા લીલાપ્રસંગોનું દેવદુર્લભ દર્શન! પૂ. મા તો એક ધ્યેય લઈને વિચરી રહ્યાં છે કે પ્રભુપંથે પગલી પાડતા બાળકોનો વાંસો થાબડવો, એ દિવ્ય પંથે સાથ આપવો અને અધ્યાત્મના એ ગુરુશિખર તરફ આવા લીલાપ્રસંગો દ્વારા ઉત્સાહ આપી દોરી

જવા! હવે છેલ્લે પૂ. માનું પાવન દર્શન કરી એ દર્શનનું રટણ કરતાં કરતાં આ યાત્રામાં આગળ ચાલતાં પહેલાં અલ્પવિરામ કરી લઈએ!

અત્યારે આપણે શીરડીથી જ્ઞાનેશ્વર પ્રભુના તીર્થસ્થાન આણંદી તરફ જઈ રહ્યા છીએ. પૂ. માની મોટર આગળ છે, પાછળ અખંડ ધૂનથી ગુંજતી બસ આવી રહી છે. હાઈવે પર જ્યાંથી આણંદી તરફ જવાનો રસ્તો ફંટાય છે ત્યાં બસની રાહ જોતાં એક આમલીના વૃક્ષ નીચે મોટર ઊભી રાખી છે. ડ્રાઈવરને આમલીના કાતરા પાડવાનું કહી પૂ. મા નીચે ઉતર્યાં છે. સાથે કેનેડાથી આવેલાં ઉર્મિલાબેન છે. બપોરના બાર થવા આવ્યા છે. શીળો પવન, મીઠો છાંયો અને કુદરતનું સાન્નિધ્ય! પૂ. મા થોડીવાર એ શાંતિમાં ભળી જવા ઈચ્છતાં હતાં. ધરતીપર ઘાસમાં કંઈ પાથર્યા વિના જ સૂઈ ગયાં! સૂતાં સૂતાં એક આમલીની નીચી ડાળ જોઈને ઉર્મિલાબેનને કહે "ચાલ, ઉર્મિલા હિંચક જોઈએ." ઉર્મિલાબેન હિંચકે છે, તે જોઈ પૂ. મા ખિલખિલાટ હસી પડયાં છે. પૂ. મા બાળક બન્યાં છે, દર્શનનો અદ્ભુત લ્હાવો છે. હવે પડખાભેર થઈ, પગને ઘુંટણમાંથી વાળીને ઘડીભર આંખો મીંચીને સૂઈ ગયાં છે. ઉપર ગગનનું વિશાળ છત્ર, નીચે ધરતી એ સુંદર છાબનું સ્વરૂપ ધારણ કરીને પોતાની ગોદમાં બાળ કનૈયાને પોઢાડતી હોય તેમ શિશુસમ નિર્દોષ પરમશક્તિના માતૃસ્વરૂપને પોઢાવ્યું છે. પોતાની વિરાટ શક્તિને સૂક્ષ્મમાં પલટાવી એ હનુમાનશક્તિ પોતાના એક વિશિષ્ટ લીલાસ્વરૂપનું દર્શન કરાવી રહી છે, જાણે છીપમાં પાકેલું સ્વાતિનક્ષત્રનું સ્ફટીક શું નિર્મળ મોતી!



મહાન જ્ઞાન વારિધી, પ્રકાંડ પંડિત કે કોઈ મહાન યોગીના ધીર ગંભીર સ્વરૂપની કલ્પના આપણે એ માતૃસ્વરૂપમાં કલ્પી પણ શકતા નથી. પૂ. મા પોતાના બાલ સહજ રમતિયાળ સ્વરૂપને પોતાથી અળગું કરી શકતાં નથી. બાલસહજ નિર્દોષ વર્તન એ દિવ્ય વ્યક્તિત્વ સાથે સહજ જોડાયેલું છે. એ બાલદર્શનની ધન્યતા અનુભવીએ. જુઓ, પૂ. મા જાગ્યાં છે, છોકરાઓને કહે, ચડો આમલીપર ને કાતરાઓ પાડો! ઘડીકમાં તો છોકરાઓએ ઢગલો કરી દીધો, પૂ. મા તો કંઈ ખુશખુશાલ, કંઈ ખુશ ખુશાલ કે ન પૂછો વાત! પૂ. મા ખોબા ભરી ભરીને સૌને પ્રસાદી આપતાં કહે, "લે વિમળા, તું કેનેડા લઈ જઈ અથાણું કરજે. લે ઉર્મિલા, તું દાળશાકમાં નાંખજે, લે સરોજ, તું અમેરિકામાં સુકવણી કરજે. આસપાસ કાતરાના ખોબા ભરેલા છોકરાઓ, વચ્ચે હાસ્યની સુરાવલિ રેલાવતાં પૂ. મા! આ દર્શનથી અધિક દર્શન આ વિશ્વરૂપાળા મંદિર સિવાય બીજે ક્યાં મળશે? ઝાંખી કરી લઈએ જીવ ઠારીને.

આંખ આળશ છાંડો રે, ઠરો એક ઝાંખી કરી,
એક મટકું તો માંડો રે, હૃદય ભરી નીરખો હરિ.

## સુવાક્ય

જેનું ચિત્ત પરમાત્મામાં વિશ્રાંત થઈ જઈ પાછું ફરીવાર જગતના દૃશ્ય પદાર્થોમાં આસક્ત થતું નથી, તે જીવનમુક્ત કહેવાય છે.

# કબીર– સુધા

પરમાર્થી

પિંજર પ્રેમ પ્રકાસિયા, અંતર ભયા ઉજાસ,
સુખ કરી સૂતી મહલમેં બાની ફૂટી બાસ.

"શ્રી સદ્‌ગુરુલીલામૃત"ની ભાવસૃષ્ટિમાં જેમ જેમ ઉંડો ઉતરતો ગયો તેમ તેમ મને કબીર સાહેબની આ સાખી વધુ ને વધુ પસંદ પડતી ગઇ. કબીર સાહેબની સ્વાનુભૂતિની વાણીમાં જે બળ છે તેને પામવાનો મને ફરીથી મોકો મળ્યો. શરીરરૂપી પિંજરમાં પ્રભુપ્રેમનો પ્રાદુર્ભાવ થાય પછી સમૂલગી ક્રાંતિ સર્જાય છે. શરીરનું પિંજરું ભલે જડ ગણાતું હોય પણ તે સુવર્ણ સમાન અણમોલ બની જાય છે. પ્રેમરૂપી રસાયણનો એવો જાદુ હોય છે. પ્રેમના પ્રાદુર્ભાવ પછી ત્રણ ઘટના ભીતરમાં ઘટતી હોવાનો અનુભવ કબીર સાહેબ નોંધે છે : પ્રથમ તો અંતરમાં અજવાળું અજવાળું થઇ જાય છે. સાત્ત્વિકભાવની ભરતી ઉભરાવા લાગે છે. આત્મભાવ વ્યાપક બને છે. અનુપમ આનંદનો અનુભવ થતો રહે છે. નિર્ભયતાની પ્રાપ્તિ થઇ ગઇ હોય તેમ જીવ એકદમ નચિંત બની જાય છે. તેથી બીજી ઘટના બનવા પામે છે અંતરના અંતઃપુરમાં. મન પરમસુખમાં નિમગ્ન બની જાય છે. સંસારથી અસંગ–અલિપ્ત બની જાય છે. કોઇની ચિંતા નહીં, કોઇની પરવા નહીં, કોઇ સાથે લેવા દેવા નહીં! નિજસ્વરૂપમાં સ્થિતિ થઇ જાય છે. 'સૂતી મહલમેં' એટલે અંતઃપુરમાં નિદ્રાધીન થવાની ક્રિયા દ્વારા સ્વરૂપની સ્થિતિની વ્યંજના રજૂ થઇ છે. તેવી અસંગ–



અલિપ્ત અવસ્થામાં ત્રીજી ઘટના ઘટે છે સરવાણીના ઉદ્‌ભવની. 'બાની ફૂટી બાસ'–'બાની' એટલે દિવ્યવાણી. 'બાસ' એટલે તે સ્થિતિમાં, તે અવસ્થામાં અથવા તેવી હાલતમાં. 'ફૂટી' ક્રિયાપદ વિશેષ ધ્વનિ પ્રગટાવે છે. ધરતીના પેટાળમાં પાણીનાં ઝરણાંઓ વહ્યાં જ કરતાં હોય છે એવું વિજ્ઞાન કહે છે. તે ઝરણાંઓને પૃથ્વીના સખત પડનો અથવા તો તોતિંગ શિલાનો અવરોધ નડતો હોય છે. ત્યાં સુધી ધરતીના પેટાળમાં જ તે સૌ દબાયલાં રહેતાં હોય છે. પરંતુ જ્યારે બોરીંગની પરાય શિલાને જેવી ભેદી કાઢે છે તેવી જ નિર્મળ પાણીની ધારા ઉંચે ઉછળી પડે છે. પછી કૂવો ખાલી થતો નથી. નવીન ઝરણ કૂવાનો કબજો લઇ લે છે. પ્રેમનું રસાયણ ગમે તેવી જડતાને ઓગાળી નાંખે છે ત્યારે દિવ્યવાણીનો જન્મ થાય છે. "શ્રી સદ્‌ગુરુ લીલામૃત" તેવી જ દિવ્યવાણીનું સુમંગલ પાવનકારી પરિણામ છે. માના હૃદયમાં પ્રભુ માટેનો પ્રેમ જ્યારે પરાકાષ્ટાએ પહોંચ્યો હશે ત્યારે જ દિવ્યવાણી જોશભેર પ્રવાહિત થઇ હશે. પોતે લખતાં નથી પણ પ્રભુ પોતે જ લખતા હોય તેવી તેમની અનુભૂતિમાં મને તો સરવાણીના દિવ્ય પ્રવાહની જ પ્રતીતિ થઇ. તે કારણે મારી ચેતનાનો વ્યાપ વધતો મેં અનુભવ્યો. મારી સમજની ક્ષિતિજ વિસ્તરતી જ ગઇ! તેથી "સદ્‌ગુરુ લીલામૃત"ને મઠારવાનું કાર્ય મને સોંપીને પૂ. માએ મારા પર પરમ ઉપકાર કર્યો કહેવાય.

'શિર સાટે નટવરને વરીએ' જેવી તેમની ગતિ છે. પ્રભુ-મિલન માટેની તેમની લગની કેટલી બધી તીવ્ર છે! આઠ આઠ વર્ષ થયાં છતાં ઉપવાસનો અંત નથી આવતો. જંગલમાં જઇને કંઇ તેઓ ઉપવાસ કરતાં નથી! સંસારમાં સહુની વચમાં રહીને

પોતે તપશ્ચર્યા કરે છે. સંસારમાં જન્મ્યાં, ભણ્યાં ગણ્યાં ને મોટાં થયાં છતાં સંસારમયતાનો ચેપ તેમને કદી લાગ્યો જ નહીં! પ્રભુ સિવાય સંસારની કોઇ વસ્તુ તેમને ખપતી જ નથી. તેમનું તપ, તેમની લગન, તેમની રહેણી કરણી જોઇને મને તો કબીર સાહેબની બીજી એક સાખી યાદ આવે છે.

કબીર છીપ સમુદ્રકી ખારા જલ નહીં લેય,
પાની પીવે સ્વાતિકા સોભા સાગર દેય!

અર્થાત્ છીપ સાગરમાં જ પેદા થાય છે છતાં સાગરના ખારા પાણીનો સ્વાદ તે લેતી નથી. તેને તો સ્વાતિ નક્ષત્રના મેઘનું પાણી જ ખપે છે. તો પણ આખરે શોભા તો તે સાગરની જ વધારે છે. પૂ. મા પણ આપણી વચ્ચે જ સંસ્કાર પામ્યાં. કદી ગુફામાં ગયાં નથી. ખાનગીમાં તપશ્ચર્યા કરી નથી. બધું જ જાહેરમાં. સંસારમાં જ રહે છતાં સંસારનો મોહ તેમને લેશ માત્ર પણ નથી. સંસારનો કોઇ ભોગ પણ તેમને ખપતો નથી. તેમને તો માત્ર આ જન્મમાં પ્રભુમિલનનું મધુર પાણી જ પીવું છે. તેઓ દ્વારા થતી તમામ પ્રવૃત્તિઓ સંસારની શોભા જ વધારનારી છે. પ્રભુને મેળવવા માટે તેઓ ભલે તપશ્ચર્યા કરતાં હોય, પરંતુ અહીં રહીને તપતાં તપતાં લોક કલ્યાણનાં કાર્યો પણ કરતાં રહે છે. તરસ્યાને પાણી, ભૂખ્યાને અન્ન, દુખિયાને દિલાસો, નિરાશને આશાનું કિરણ આપી, અભિનવ જીવનની કેડી પર રમતા મૂકી, તેઓ કેટલાં બધાંનું કલ્યાણ કરે છે! ગમે તેવો અજાણ્યો જીવ પણ તેમની પાસે જઇને પ્રેમની માધુરી પામ્યા વિના પાછો વળતો નથી. એકવાર આવેલો પાછો આવ્યા વિના રહી શકતો નથી. તેમના પ્રેમનો જાદુ જેણે જેણે અનુભવ્યો છે તેણે તેણે જીવનનો



ઉર્ધ્વગામી બનાવવા પ્રયત્ન કર્યો જ છે. નાના મોટા, ગરીબ-તવંગર કે નાતજાતના ભેદો તેમને નડતા જ નથી. સૌ પર એક સરખી નજર! તેથી જ બાવનીમાં મેં લખ્યું છે :

સંસાર કેરો તું છે સાર, પ્રેમતણો તું પારાવાર!

જગત તેમનું નામ લઇને ગૌરવ અનુભવી શકે તેવું તેમનું પવિત્ર જીવન છે. જેવું વદે તેવું કરે. જેવું કરે તેવું જ વદે! વિચારને વર્તનમાં સંપૂર્ણ એકવાક્યતા! તપ એક વર્ષનું નહીં, આઠ વર્ષનું નહીં, જરૂર પડે તો બાર વર્ષ તો શું બાર જન્મ સુધી તપશ્ચર્યાની યાતના વેઠવાની તેમની દૃઢ તૈયારી છે. એ અંગે સસ્તુ કોઇપણ સમાધાન તેમને માન્ય જ નથી. પ્રભુ માટેનો અખંડ પ્રેમ તેઓ જે રીતે નભાવી રહ્યાં છે તે પણ અલૌકિક કહેવાય! સામાન્ય માણસનું તો કોઇ ગજુ જ નહીં! અનેકવિધ પકવાન ને મિષ્ટાન્ન તેઓ પોતાને હાથે પીરસીને અન્યને પ્રેમપૂર્વક જમાડે છે, છતાં પણ તેમની રસવૃત્તિ તો પ્રભુ સાથે જ સંલગ્ન રહે છે. ભોજન કરવાની કોઇ રુચિ જ નહીં. નિત્ય તૃપ્ત જેવી તેમની મનોદશા ગણાય. સામાન્ય ત્રાહિત વ્યક્તિને તો આશ્ચર્ય થાય છે કે તેઓ કેમ કેમ યાતના સહન કરતાં હશે ને પ્રભુ માટેના પ્રેમની અખંડતા જાળવી શકતાં હશે! કારણ કે કબીર સાહેબે સાચું જ કહ્યું છે કે—

અગની આંચ સહના સગમ, સુગમ ખડગ કી ધાર,
નેહ નિભાવન એકરસ મહા કઠિન બ્યોવહાર!

અર્થાત્ અગ્નિની ઝાળ સહન કરવી કદાચ સહેલી ગણાય, તલવારની ધારે ચાલવું પણ કદાચ સહેલું ગણાય પણ પ્રભુ માટેનો અખંડ પ્રેમ નિભાવવો અત્યંત મુશ્કેલ ગણાય! કરોડોમાં

એકાદ વ્યક્તિ જ એવું કરી શકતી હશે. આપણા જેવા તો સામાન્ય દુઃખોથી ડરી જાય છે. આપણને દુઃખ સહન કરવું ગમતું જ નથી. તેથી આપણા જેવો સામાન્ય જીવ પ્રભુવિરહની અપાર વેદના કેવી રીતે સહન કરી શકે? ખરેખર તો એવી સામાન્ય વ્યક્તિમાં પ્રભુમાટેનો પ્રેમ જાગે પણ કેવી રીતે? તેવી વ્યક્તિને તો મોહની અવસ્થા જ ગમતી હોય છે. પ્રેમની કસોટીમાંથી તે પાર કેવી રીતે ઉતરી શકે?

કાંચ કથીર અધીર નર તાહિ ન ઉપજૈ પ્રેમ,
કહ કબીર કસની સહૈ હો હિરા કે હેમ!

અર્થાત્ કાચ ને કથીર સામાન્યતાના પ્રતીક ગણાય. સામાન્ય વ્યક્તિમાં ધીરજનો અભાવ હોય છે. તેથી તેવી વ્યક્તિમાં પ્રેમ ઉત્પન્ન થતો જ નથી. ક્વચિત્ ઉત્પન્ન થાય તો કસોટીમાંથી પસાર થઇ શકતો જ નથી. કસોટીમાંથી તો હીરો કે સુવર્ણ જ પસાર થઇ શકે, અન્ય નહીં. પૂ. મા હીરા સમાન કિંમતી છે, સુવર્ણ સમાન અણમોલ છે. તેમની તપશ્ચર્યાનું સાતત્ય પ્રેમની કસોટીમાંથી પસાર થઇ રહ્યાની પ્રતીતિ કરાવે છે. નિત્ય ઉપવાસી છતાં શરીરમાં નિત્ય સ્ફૂર્તિ ને શક્તિ! પથારીવશતા કદી નહીં! નિત્ય નૈમિત્તિક કાર્યો તેઓ નિયમિત કરે જ! અરે, ચૌદ કિલોમિટર પણ ચાલી શકે! તેમની ચાલવાની ઝડપને કોઇ પહોંચી શકે નહીં! માઇક ન હોય તો પણ પાંચસો માણસોને બુલંદ અવાજથી સંબોધન કરી શકે! ક્યારેક પાણીનો પણ ત્યાગ કરીને ચાર દિવસમાં મોઢેથી ગાયને રામાયણનું પારાયણ કરી શકે! બાહુબલિ તીર્થનાં સાતસો પગથિયાં પણ એકધારી ગતિથી ચઢી શકે! એટલું જ નહીં પણ ઉપર જઇને એક સો આઠ પ્રણામ



પણ કરી શકે! કેવી અદ્‌ભુત અવસ્થા! કેવું પ્રભુ પ્રેમનું બળ! કેવી અલૌકિકતા! અસામાન્યતા!

કબીરા ક્યા મૈં ચિંતહુ, મમ ચિંતે ક્યા હોય?
મેરી ચિંતા હરિ કરૈ, ચિંતા મોહિ ન કોય!

અર્થાત્ કબીર કહે છે કે હું શી ચિંતા કરું? મારી ચિંતાથી શું વળે? મારી ચિંતા તો પ્રભુ પોતે જ કરે છે એટલે ખરેખર મને કોઇ ચિંતા જ નથી!

શું કબીર સાહેબ જેવી અવસ્થામાં મા નથી જીવતાં?

•

પ્રભુવિણ જે કંઇ અન્ય તે, જાણો સૌ દુઃખરૂપ;
કાં રમણી કે કાં લક્ષ્મી, પાડે તે ભવકૂપ.
નાથભગવાન

IS: 10001

ઓ.: ૨૫૬૬૮
ફે.: ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ.: ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨

# ધર્મો રક્ષતિ રક્ષિતઃ।

યોગેશ્વરજી

એક સદ્‌ગૃહસ્થે પોતાના ગામની પાસેના પ્રવાસીઓને પસાર થવાના પથ પર પરબ બેસાડી. એ ઉપરાંત પોતાના ઘરના કુવાનું પાણી જેની પણ ઇચ્છા હોય તેને લઇ જવાની છૂટ આપી. ગામમાં કેટલાંય ગરીબોને માટે પોતાના ખર્ચે કુવા કરાવ્યા. ગામની વિશાળ વોટરવર્ક્સની યોજનામાં ઉદારતાપૂર્વક તન–મન–ધનથી ફાળો આપ્યો. તાપથી તપેલા પ્રવાસીઓને છાયા તથા વિશ્રામ મળે તેથી રસ્તા પર ઠેકઠેકાણે વૃક્ષારોપણ કરાવ્યું. વટેમાર્ગુઓએ એ શીતળ સુવિશાળ વૃક્ષોનો આશ્રય લીધો. એક બીજા સદ્‌ગૃહસ્થની આર્થિક સ્થિતિ વધારે સારી હતી. એમની અંદર અસાધારણ સદ્‌ભાવના પણ હતી. એથી પ્રેરાઇને એમણે એક ધર્મશાળા બંધાવી, સ્કૂલ કરી અને પ્રસૂતિગૃહ તથા દવાખાનાનું નિર્માણ કર્યું. એમને એથી સંતોષ થયો. એમને ત્યાંથી કોઇ ભૂખ્યું પાછું ના ફરતું. પથિકોને પોતપોતાની આવશ્યકતા પ્રમાણે કાંઇ ને કાંઇ મળી રહેતું. એક નાનું અન્નક્ષેત્ર ચાલુ રહેતું. દીન, દુઃખી, અનાથ અથવા અસહાયની સેવા કરવી, બેકારને કામે લગાડવા એ તો એમનું કર્તવ્ય. એ કર્તવ્યના અનુષ્ઠાનથી એમને એટલો બધો સંતોષ અને આનંદ મળતો કે વાત નહીં. એ સંતોષ અને આનંદ અવર્ણનીય હતો.

જોનારા જોતા પણ ખરા કે એ બન્નેને કોઇ પ્રકારની મુશ્કેલી પડતી નહીં. અને કોઇક વાર પડતી દેખાતી તે જોતજોતામાં દૂર થઇ જતી. એનો ઇલાજ અનાયાસે આપોઆપ થઇ જતો. એમના પ્રાણમાં બીજાની પીડા માટે સ્થાન રહેતું. બીજાની પીડા પેખીને વેદના થતી. એથી એમની વેદના ને પીડા ટકતી નહિ. એમની દ્વારા જે સતત સર્વોપયોગી સત્કર્મ થતું તે એમની અનેક પ્રકારની આપત્તિઓમાંથી રક્ષા કરતું. એ જ એમનું તપ થતું ને વ્રત બનતું.



એક પુરુષે એક દીનહીન વ્યાધિગ્રસ્ત માનવની પ્રેમપૂર્વક સેવા કરી. એથી એ સંપૂર્ણ સાજો થયો. થોડા વખત પછી તે પુરુષને બિમારી આવતાં હોસ્પીટલમાં દાખલ થવું પડયું. પરંતુ એનો અસાધારણ રોગ થોડા જ સમય પછી શાંત થઇ ગયો. એની સેવા, સહાયતા માટે કેટલાય જ્ઞાત અને અજ્ઞાત પ્રેમીજનો ઉમટી પડયા.

શાસ્ત્રો કહે છે કે જે જેવું કરે છે તેવું પામે છે. જેવું વાવે છે તેવું લણે છે. નીતિ, ધર્મ, માનવતા ને સેવાનાં મૂલ્યોને વળગી રહેનાર અને એમના મંગલમય મંત્રોને જીવનમાં ઉતારનારને એમની મદદ મળે છે. જે બીજાને સુખશાંતિ આપે છે કે આપવાનો પ્રયાસ કરે છે, તેને પોતાને સુખ ને શાંતિથી વંચિત રહેવું નથી પડતું. બીજાને આશ્રય, હૂંફ, છાયા આપનારને પોતાને તેની પ્રાપ્તિ થાય છે. જે બીજાને પાનાર મુક્તિ મેળવે છે. બીજાને માટે મદદરૂપ બનનારને પોતાને તેવી મદદ એક અથવા બીજી રીતે મળી રહે છે.

'ધર્મો રક્ષતિ રક્ષિતઃ'–ધર્માચરણ કરનારને, ધર્મની રક્ષા કરનારને ધર્મ રક્ષે છે. ધર્મ એને માટે અભેદ્ય કવચ બને છે, અને ધારે તે ના થાય તોપણ શું? બીજાને માટે જીવવાથી,

લોકોપયોગી કાર્યો કરવાથી અથવા ધર્માનુષ્ઠાનનો આધાર લેવાથી જે આત્મસંતોષ સાંપડે છે, આનંદ અનુભવાય છે, જીવનની સાર્થકતા સમજાય છે, તે કાંઇ નાનોસૂનો પુરસ્કાર નથી હોતો. એ માનવને અહંતામાંથી, મમતામાંથી, સ્વાર્થવૃત્તિમાંથી માલિકી-પણાની ભાવનામાંથી, ભેદભાવમાંથી, સંકીર્ણતામાંથી, અશાંતિમાંથી રક્ષા કરે છે. એનાથી વિશેષ લાભ બીજો કયો હોઇ શકે? ધર્મ એના આચરણ કરનારને માનવ તરીકે સુરક્ષિત રાખે છે. દાનવ બનતાં રોકે છે. પળે પળે રક્ષે છે.

O

## * સદ્ભાવભરી સહાય *

અધ્યાત્મ માસિકને સદ્ભાવભરી સહાયની પુનિત ગંગા—નામો નહિ છાપતા હોવા છતાં, એકધારી ચાલતી રહે છે. સપ્ટેમ્બર અને ઓક્ટોબર '૯૨ ના ગાળામાં આ સહાય કુલ રૂ. ૬૧૫૩/– જેટલી મળી છે. જેમાં ૨૭બીના ગ્રાહકો અને શુભેચ્છકો તરફથી મળેલ રૂ. ૩૮૬૦/– નો સમાવેશ થાય છે.

સહાય મોકલનાર સહુને અભિનંદન અને શુભાશીષ.

— તંત્રી
અધ્યાત્મ



## * આટલું બસ છે *

( ગઝલ )

ખુદાનું નામ લેતો જા, ખુદાનું કામ કરતો જા,
રહે નિષ્ઠા સબૂરીથી, જીવનમાં આટલું બસ છે.

રહી સચ્ચાઇને રસ્તે, બીજી પંચાત કરતો ના,
કરી લે થાય તે સેવા, જીવનમાં આટલું બસ છે.

જીવન ગંગા સમું માની, તરસ સૌની છીપાવી જા,
જરા યે ખોટું કરતો ના, જીવનમાં આટલું બસ છે.

ભલાઇ કરતો જા સૌની, જીવન પાવન બનાવી જા,
દઇ જા સુખ સઘળાને, જીવનમાં આટલું બસ છે.

ફરજ માથે ચઢાવીને, વફાઇ દિલમાં રાખીને,
જીવી જા ફૂલના જેવું, જીવનમાં આટલું બસ છે.

— ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

O

## મન મારું...

મન મારું ક્યાં ક્યાં ક્યાં ભટકાતું?
પ્રભુ–પદ નવ અટકાતું. ...મન મારું૦
જોર જુવાનીનું, જુગતે જુવતી,
મન શું મુક્તિ માણે!
વિષય–વિષ હાલાહલ, તપ–બલ,
પલક હરે, રજ જાણે.
લુબ્ધ હરણ સ્વર–મુગ્ધ અહરનિશ,
સ્વયં–મરણ–ગીત ગાતું. ...મન મારું૦
અર્થ તણો શો અર્થ? ગરથ નિજ
યોગક્ષેમ નભી જાયે,
અર્થ અનર્થો શા અતિરેકે?
પ્રતીતિ કદીય ન થાયે;
ભડભડ અગ્નિમાં ધૃત હોમ્યે,
જ્વલન અધિકતર થાતું. ...મન મારું૦
જૂઠી સૂરત, જૂઠી કીરત,
જૂઠા વિભવ–વિલાસ!
અન્ત સમે પણ જીવ અજ્ઞાની,
વળગે જૂઠી આશ!
કાળ–ફૂંકથી રાણો દીપક:
ધન અંધારું થાતું. ...મન મારું૦
પ્રભુ–પદ નવ અટકાતું,
મન મારું ક્યાં ક્યાં ક્યાં ભટકાતું? ...મન મારું૦

ડો. રણજિત પટેલ (અનામી)



## તપનું ફળ

કમલ સુથાર, હિમ્મતનગર

સમર્થ સ્વામી રામદાસમાં નાનપણથી જ દૃઢતા હતી. સંસારથી વૈરાગ્યભાવ હતો. તે જે કંઇ નિશ્ચય કરતા તે પૂર્ણ કરીને જ જંપતા. જ્યાં સુધી કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી જંપીને તે ન બેસતા. સતત પુરુષાર્થ રત રહેતા. તે પરમ વિવેકી પુરુષાર્થ કરતા. શ્રેયનો પુરુષાર્થ. વિઘ્નોની પરવા ન કરતા. સતત એકાગ્ર ચિત્તથી ઉત્સાહથી કામ કરતા.

સમર્થ સ્વામી રામદાસનું પૂર્વાશ્રમનું નામ હતું નારાયણ. સુસંસ્કારી હતા. નાનપણથી જ તેમનામાં ભક્તિભાવ પ્રબળ હતો. તેમની માતુશ્રીનું નામ હતું રાણુંબાઇ અને પિતાજીનું નામ હતું સૂર્યાજી. તે પરમ ભગવદ્‌ભક્ત અને બ્રહ્મજ્ઞાની હતાં. માતાપિતાના આ ધાર્મિક સંસ્કારો નારાયણમાં નાનપણથી જ પડેલા હતા.

નારાયણના મનમાં લગ્ન કરવાની જરાય ઇચ્છા ન હતી. મન તપ–જપમાં લાગેલું રહેતું હતું, પણ માતા–પિતાએ તેમને પરણાવવાની જીદ કરી. તે કચવાતે મને એટલે સંમત થયા. પણ મન હજુય સંસારમાં ફસાવા માગતું ન હતું. તે લગ્નમંડપની ચોરીમાં બેઠા હતા. બ્રાહ્મણ લગ્નવિધિ કરાવવામાં મગ્ન હતા. બ્રાહ્મણે "સાવધાન" શબ્દ ઉચ્ચાર્યો. અને તરત જ નારાયણનું મન "સાવધાન" બની ગયું! તે તરત જ લગ્ન મંડપમાંથી ઊભા થયા અને લગ્ન કરવાનું છોડીને તપ કરવા ચાલી નીકળ્યા. ઘરથી દૂર જંગલમાં. એકાન્તમાં તેમણે પ્રયાણ કર્યું. પ્રભુમિલનની તીવ્ર અભિપ્સા હતી તેમના અંતરમાં.

તે ચાલતા–ચાલતા ટાકલી ગામમાં આવ્યા. આ ગામ નાસિકથી બે–ત્રણ કિલોમિટર દૂર છે. ગામના પાદરે એક વટવૃક્ષ નીચે તે થોભ્યા. અહીં એક પર્ણકુટિ બનાવી અને અહીં તપની ધૂણી ધખાવી. સાદગીથી રહેતા. અહર્નિશ પ્રભુ–નામ–સ્મરણ કરતા. ભગવાન રામચંદ્રજી એમના ઇષ્ટદેવ. ઇષ્ટદેવના નામજપમાં મન એકાગ્ર રહેતું.

દરરોજ સવારે પરોઢિયે ઉઠતા. ગોદાવરી નદીમાં સ્નાન કરતા. નદીમાં કેડથી ઉપર સુધીના પાણીમાં તે ઊભા રહેતા. પછી શ્રદ્ધાભક્તિપૂર્વક એકાગ્રચિત્તથી શ્રીરામ–નામ–જપ કરતા. સતત જપ. પાણીમાં કલાકો સુધી ઊભા રહેતા. ન ભૂખ. ન કોઇ બીજી ચિંતા. બસ પ્રભુપ્રાપ્તિની તીવ્ર લગન. પાણીમાં ઊભાં ઊભાં શરીર પણ ફોગાઇ જતું. શરીરની ફોગાયેલી ચામડી માછલીઓ તોડી ખાતી. લોહી દદડતું પણ તેમનું મન જરાય ન ડગતું. પરમ લક્ષ્યમાંથી જરાય વિચલિત ન થતું. દૃઢ નિશ્ચય હતો. અદમ્ય ઉત્સાહ હતો. શ્રેયનો પ્રબળ પુરુષાર્થ હતો અને પ્રભુપ્રાપ્તિનું નિશ્ચિત પરમ લક્ષ્ય હતું. આકરું તપ હતું.

બાહરી ઉપસર્ગોનો એમના ચિત્ત ઉપર જરાય પ્રભાવ પડતો ન હતો. ગરમી, ઠંડી, વર્ષા, ભૂખ, તરસ બધુંય એ હસતે મોઢે સહતા. પણ નામ–સ્મરણની પ્રબળ સાધના પછી તેમને ભગવાન શ્રીરામનો સગુણ સાક્ષાત્કાર થયો. તેમનામાં દિવ્ય સામર્થ્ય પ્રગટયું. તે નારાયણમાંથી સમર્થ રામદાસ બન્યા.

તે પરમ સમર્થ સંત બન્યા. સમર્થ રામદાસ. સમર્થ શક્તિવાન બની તે બેસી ન રહ્યા. તેમણે આદર્યું લોકકલ્યાણનું ભગીરથ કાર્ય–દેશોદ્ધાર અને માનવોદ્ધારનું કાર્ય.



શિવાજી મહારાજ તેમને પોતાના સદ્‌ગુરુ માનતા. તેમની સેવા કરતા. આજ્ઞા માથે ચડાવતા. તેમનો પડયો બોલ ઝીલતા. તેમની કૃપાથી શિવાજી મહારાજ વિધર્મીઓને હરાવતા. દેશને વિધર્મીઓના હાથમાંથી બચાવતા. માતૃભૂમિની રક્ષા કરતા. ગરીબોનું રક્ષણ કરતા. પશુતાનો મુકાબલો કરતા અને માણસાઇની સુવાસ ફેલાવતા. સમર્થ રામદાસે જ તેમનામાં પરમ આત્મવિશ્વાસ જગાડ્યો હતો.

સમર્થ સંત રામદાસે તપથી જ આવી પરમ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. આ સિદ્ધિના પ્રતાપે જ તેમણે દેશોદ્ધાર અને માનવોદ્ધારનું ઉમદા કાર્ય કર્યું હતું.

તપ વડે મનુષ્ય આત્મસાક્ષાત્કાર કરી શકે છે. જીવન સફળ બનાવી શકે છે. પ્રેરક દીપ બની શકે છે. પોતે તરીને બીજાઓને તારી શકે છે.

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત – ૩૯૫ ૦૦૭.

# તપ કોને કહીશું ?

પ્રભુલાલ દોશી

બધા ધર્મો–ધર્મો નહીં સંપ્રદાયો જ કહીએ કારણ કે ધર્મ તો એક જ છે–તપનું મહત્ત્વ દર્શાવે છે.

પરંતુ તપ કોને કહીશું ?

દિવસો સુધી કે મહીનાઓ સુધી આહાર લીધા વિના ભૂખ્યા રહેવું એને તપ કહીશું ?

જો એમ કહીશું તો લાખો દરિદ્રો કે, જેમને ખાવાનું મળતું નથી અથવા ફરજિયાત ભૂખ્યા રહેવું પડે છે, તેઓ તપ કરે છે, એમ કહેવું પડે. આ બરાબર નથી.

તો શું, જેઓ એક પગ પર વર્ષો સુધી ઊભા રહે, ઊંધા મસ્તકે મહિનાઓ સુધી રહે, ગુફામાં એકાસને બેસી રહે, શરીર ઉપર ધૂળના થર જામે ત્યાં સુધી ધ્યાનમાં બેસી રહે, ભૂમિમાં જીવતા દટાઇને રહે–તે બધાની આવી ક્રિયાઓને આપણે તપ કહીશું ?

એમ પણ કહી શકશું નહીં, કારણ કે પગની ખોડવાળા જિંદગીભર એક પગ વડે કે પગ વિના જ જીવે છે. આળસુઓ પોતાના શરીર ઉપર ધૂળના કે મેલના થર ચડવા દે છે. ઢોંગીઓ અને ધુતારાઓ બીજાને ઠગવા માટે સાધુવેશ ધરીને ગુફામાં કે બીજે ધ્યાનમાં બેસે છે, જમીનમાં દટાઇ રહેવાનાં તૂત કરે છે.

તો પછી તપ કોને કહીશું ?

તપ કરવું એટલે તપવું. શાના માટે તપવું ?



મનમાંના ખરાબ વિચારોને બાળવા માટે તપવું. મનમાંના સારા વિચારો પર છવાઇ ગયેલા કચરાને બાળીને, સારા વિચારોને સુવર્ણની પેઠે શુદ્ધ કરીને ચળકાવવા માટે તપવું, તનને વિશુદ્ધ અને મજબૂત કરવા કે જેથી તે મનને દૃઢ કરવામાં અને મનની શુદ્ધિમાં સહાયરૂપ થાય તે માટે તપવું. અગરબત્તી કે મીણબત્તીની પેઠે બીજાને સુવાસ આપવા કે પ્રકાશ આપવા માટે બળીને તપવું કે તપીને બળવું.

ટૂંકમાં પોતાના કે અન્યના તનની, મનની કે જીવનની વિશુદ્ધિની ભાવનાથી જે પ્રવૃત્તિ કરવામાં આવે તેને તપ કહી શકાય.

કોઇ પણ પ્રવૃત્તિ કે ક્રિયા ગમે તેટલી મહેનત કે શક્તિ માગી લે તેવી હોય તે બધી કંઇ તપ નથી, પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણે વિશુદ્ધિની ભાવનાથી જે પ્રવૃત્તિ કે ક્રિયા કરવામાં આવે તે જ તપ છે.

સૈનિક દેશને ખાતર લડે છે, તેથી તેની લડાયક તાલીમ તથા તે હેતુ માટેની તેની લડાયક પ્રવૃત્તિ તપ છે, પરંતુ પોતાના સ્વાર્થ માટેની લડાઇ એ તપ નથી.

શિક્ષક, દાક્તર કે અન્ય કોઇ વ્યવસાયી પોતાના જ્ઞાનનો ઉપયોગ પોતાના સ્વાર્થ કાજે કરે તો તે તપ ન કહેવાય. પરંતુ નિઃસ્વાર્થભાવે તથા અન્યના માનસિક, શારીરિક કે આત્મિક વિકાસમાં સહાયરૂપ થવા સારું જો પોતાના જ્ઞાનનો ઉપયોગ કરે તો તે પણ તપ છે.

કોઇ પણ પ્રવૃત્તિને તપ કહેવાય કે નહીં તે, તેની પાછળ રહેલી ભાવના શી છે તે જાણીને જ નક્કી કરી શકાય. □

# આવો, આપણે પૂ. માને ઓળખીએ

નારાયણભાઈ હ. જાની

"આ દુનિયામાં કોઈ કામ સૌથી અઘરું હોય તો તે છે–ચોવીસ કલાક ભગવાનમાં મનને જોડી રાખવાનું. ભગવાન શ્રી સ્વામિનારાયણની સૌથી અઘરા કામની આ વ્યાખ્યાને જીવનમાં આચરી બતાવતા મહાપુરુષ અમને મળ્યા. તે હતા અમારા ગુરુ પ. પૂ. શ્રી યોગેશ્વરજી. તેઓ કહેતા કે અમે ગમે ત્યારે ગમે તે કામ કરતા હોઈએ પણ અમારા મનનો એક ભાગ સતત રીતે પ્રભુ સાથે–મા જગદંબા સાથે અનુસંધાનિત રહે છે. આ કામ અતિ અઘરું છે, પણ પરમાત્માની કૃપાથી તે સાધ્ય થાય છે."

"તો એવાં જ બીજાં મહામાનવ અમે જોયાં, જેમણે પોતાનું સારું જીવન પ્રભુરૂપ ગુરુને સમર્પિત કરી દીધું હોય અને જેમના હર શ્વાસમાં ગુરુભક્તિનું દર્શન થતું હોય–એવાં પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી. તેઓના હર કાર્યમાં કપડાના તાણાવાણાની જેમ ગુરુભક્તિ વણાઈ ગયેલી દેખાય છે. તેઓના જીવનની હર ચેષ્ટા બીજાઓના મંગલ માટે જ થતી રહે છે. આવી વ્યક્તિઓનું આ પૃથ્વી પરનું અવતરણ સમગ્ર સૃષ્ટિ માટે મંગલકારક બની રહે છે. માત્ર માનવો જ નહિ, પરંતુ પશુ–પક્ષીઓ પણ તેઓના નિઃસ્વાર્થ પ્રેમનો ઉપભોગ પામીને કૃતકૃત્ય બને છે. તેઓના ચરણસ્પર્શથી ધરતી ધન્ય થાય છે, ને વાયુ તેઓના અંગનો સ્પર્શ પામીને પવિત્ર બની જાય છે.

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીએ પૂ. માની સાચી આધ્યાત્મિક



ઓળખ કરાવીને, જનસમાજ ઉપર ખરે જ મોટો ઉપકાર કર્યો છે. આજ અંકમાં પૂ. માના ફોટા પાછળ પૂ. શ્રી યોગેશ્વરજીએ કરાવેલી એ ઓળખના શબ્દો મૂકવામાં આવેલ છે. કોઈપણ માણસની આંતરિક આત્મિક ઉચ્ચતા કેટલી છે, તે જાણવું ઘણું અઘરું છે. વ્યક્તિના બાહ્ય દેખાવ પરથી એનો કશો ખ્યાલ ના આવે. તે માટે માનવના મનમાં ચાલતા આંતરપ્રવાહોને જાણવા પડે. અતિ ઉચ્ચકોટિના સંત પુરુષો જ આવા પ્રકારના મનો-વ્યાપારને જાણવાની શક્તિ ધરાવતા હોય છે. સાધનાના પરિણામે તેઓમાં આર્ષદૃષ્ટિ–ભૂત અને ભાવિને તેમ જ કોઈ પણ વ્યક્તિના મનમાં ચાલતા વિચારોને ઓળખવાની શક્તિ આવી જતી હોય છે. તેથી તો પૂ. ગુરુદેવે પોતાના જીવનના અંતિમ દિવસો પહેલાં "મા શ્રી સર્વેશ્વરી–એક પરિચય" પુસ્તક લખ્યું; અને તેમાં પૂ. માના ભગવતી સ્વરૂપનો, તેઓની આધ્યાત્મિક ઉચ્ચતાનો ખ્યાલ લોકોને આપ્યો. આજે દસ વર્ષ બાદ પૂ. શ્રીના એ શબ્દો કેટલા યથાર્થ છે, તેનો અંદાજ આપણને આવે છે. અરે, એમ કહો કે પૂ. ગુરુદેવે પૂ. માની જે આધ્યાત્મિક ઓળખ કરાવી છે, તેના કરતાં પણ પૂ. મામાં વિશેષ દિવ્યતા, તપ અને તિતિક્ષા આજે દેખાઈ રહી છે, પૂ. શ્રીએ કરાવેલ પરિચય ખૂબ તટસ્થ અને સંયમિત લાગે છે.

સ્વામી વિવેકાનંદમાં રહેલી આત્મિક દિવ્યતાને પરમહંસ શ્રી રામકૃષ્ણદેવ વર્ષો પહેલાં મા જગદંબાની કૃપાથી જોઈ શકેલા, એવું જ કંઈક પૂ. શ્રી યોગેશ્વરજીએ મા શ્રી સર્વેશ્વરી માટે ભાખ્યું છે. કોઈ વિરલ મહાપુરુષો જ આવી આત્મિક ઓળખ કરાવવા સક્ષમ હોય છે, જેની કલ્પના સામાન્ય જનસમાજને પહેલાં કદી આવતી નથી, આવી શકતી નથી.

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો તા. ૧૩ નવેમ્બરનો જન્મદિન આવો જ મંગલકારી દિન છે. આજથી ઓગણપચાસ વર્ષ પહેલાં તેઓએ આ પૃથ્વી પર આંખ ઉઘાડી ત્યારે કોને ખબર હતી કે આવું દુબળું પાતળું શરીર ધરાવતી આ બાળકી એક દિન અનેકોની આદરણીય બનશે! અશક્ય લાગતાં કઠોર તપ કરશે, ગુરુભક્તિનો યશ ફેલાવશે અને અનેક નાના મોટા માનવોને પ્રેરણાનાં પિયૂષ પાઇ પ્રભુપંથે દોરશે? તેઓને આપણે યોગભ્રષ્ટ આત્મા પણ ના કહી શકીએ. કારણ તેઓને જીવનમાં કંઇ પ્રાપ્ત કરવાનું-કે અધૂરી રહેલી સાધનાને પરિપૂર્ણ કરી, પૂર્ણતાએ પહોંચવાનું તો છે જ નહિ. તેઓને તો એ જન્મજાત સિદ્ધ છે. અશક્ય લાગતાં ભૂખ-તરસને સહી લેવાં તેમને સ્વભાવગત છે. આજે તો તેઓ જે તપે છે તે ફક્ત બીજાઓના મંગલ માટે. સર્વસમર્પણ કેવું હોય, ગુરુભક્તિ કેવી હોવી જોઇએ, તપ અને તિતિક્ષા કેવાં હોય, નિર્મોહીતા, ત્યાગ, અનાસક્તિ કેવાં હોય, પ્રભુની મંગલમયી યોજના ભાગરૂપ તેનું દર્શન કરાવવા તેઓ આ પૃથ્વી ઉપર શ્વાસ લઇ રહ્યાં છે. નહિ તો મજાલ છે કોઇની કે આજે ૩૦૦૦ દિવસો કરતાં વધુ દિવસો અન્નનો સંપૂર્ણ ત્યાગ કરવા છતાં, લોકહિતાર્થે દુનિયાના દૂર દૂરના ખૂણાઓ સુધી વિચરણ કરી શકે? કઠોર યાત્રાઓ ખેડી તીર્થોને મહિમા ધરી શકે! નાના શિશુઓને પ્રેમના પાશે બાંધીને જીવનશુદ્ધિના પાઠો ભણાવી શકે!-પણ પૂ. મા શ્રી સર્વેશ્વરી માટે આ બધું સહજ છે. આનો તેઓને કોઇ પરિશ્રમ નથી, કે નથી કોઇ થાક, કારણ? આ બધાનો યશ તેઓ સતત પોતાના સદ્‌ગુરુ શ્રી યોગેશ્વરજીને ધરતાં રહ્યાં છે. કર્તૃત્વનો કોઇ ભાવ હોય તો અહંકાર જાગે ને! એટલે તો તેઓ આટલાં નમ્રાતિનમ્ર છે.



આવી વિભૂતિમય વ્યક્તિઓનું આ પૃથ્વી પર પ્રકટ થવું મારા, તમારા અને સહુના માટે ઉપકારક છે. તેઓને મન સર્વ જીવો સરખા છે. કરુણા અને કૃપાના અધિકારી છે. પ્રેમાસ્પદ છે; કારણ કે તેઓ જગજનની છે. દરેક સર્જન તેઓના પ્રેમનું અધિકારી છે. વિપથગામી માનવોની પણ એ જનેતા છે. એક સદ્‌ગુણી માનવ પ્રત્યેના જેટલો જ પ્રેમ એવા માનવો માટે પણ એ જનનીના હૃદયમાં વહે છે. ભલો બૂરો પણ એ માનો જ બાળક છે. એમના માટે કેવળ પ્રેમ જ નહિ પરંતુ પૂ. માના દિલમાં કરુણાય ઊભરાતી રહે છે. આવું છે એ માનું હૃદય.

કોઇક બુદ્ધ કે મહાવીર, કોઇક ક્રાઇસ્ટ કે કોઇક મહમદ આવું કરુણાસભર હૃદય લઇને પૃથ્વી પર અવતરે છે અને અનેક જીવોને શાન્તિ ધરે છે. પૂ. મા પણ આવાં જ કરુણાર્દ્ર છે. કોઇનું દુઃખ, કોઇની તકલીફ કે કોઇની યાતના તેઓનું સંવેદનશીલ હૃદય જોઇ શકતું નથી. એ તુરત જ દ્રવી ઊઠે છે. એવો સર્વાત્મભાવ તેઓ ધરાવે છે.

એમની નિર્મોહિતા પણ ગજબની છે. ધનનો ઢગલો જોઇ એમનું મન ચળતું નથી, તો સુખ, સાહ્યબી કે સંપત્તિ નીરખી તેમને આકર્ષણ થતું નથી. તેઓનું એક માત્ર આકર્ષણ ભક્તિભાવપૂર્વકનું સમર્પણ કે સત્સંગ છે. આ વસ્તુઓ એમને ગમે છે; આકર્ષે છે. પછી ભલે તે નાનામાં નાના માનવમાં હોય કે કોઇ ગરીબ ઘરમાં વસતા સાદા ભોળા ગામડીઆમાં. પૂ. માને મન ઉચ્ચ નીચ કે રાયરંકનો કોઇ ભેદ નથી. તેમને બધાં જ પ્રત્યે પ્રેમ ને અનુરાગ છે. હા, જ્યાં વધુ ભક્તિભાવ છે, ત્યાં પૂ. માનું હૃદય વિશેષ ખેંચાતું રહે છે.

આવાં પૂ. માનું પૃથ્વી પરનું વિચરણ સૌના માટે આનંદ અને આશીર્વાદરૂપ છે. એ લોકો કમભાગી છે જે પૂ. મા આટલાં પાસે વસતાં હોવા છતાં તેઓની સમીપ આવી શકતાં નથી, એમના પ્રેમ અને કરુણાના ક્ષેત્રથી આઘાં રહીને વંચિત રહી જાય છે. ગંગા ઘર આગળ છે, પરંતુ એના જલપાન અને સ્નાનથી કોરા રહી જાય છે, કેવી છે આ કરુણતા!

તો આવો–પૂ. માના આ મંગલમયી મહિમાને ઓળખી લઈ, એમનો વધુમાં વધુ લાભ લઈ લઈએ. તેમ જ એક સાચા અને સારા માનવ બની, જીવનમાં પ્રભુપરાયણતાને આચરી, તન અને મનની શાન્તિનો અનુભવ કરી લઈએ. જીવન સાર્થક કરી લઈએ.

ચાલો, આવાં પૂ. માના ચરણોમાં વંદન કરી–પ્રભુને તેઓના જન્મદિને હૃદયની સર્વમંગલ કામનાઓ ધરીએ. આ દેશ અને દુનિયાના અનેક માણસોને હૃદયની સાચી શાન્તિ તેમના દ્વારા પ્રભુ પ્રાપ્ત કરાવે એવી અંજલિ ધરીએ. પ્રભુની મંગલતાનો મહિમા ફેલાવતા સર્વે સંતોનો જય હો. પૂ. ગુરુદેવનો જય હો, પૂ. માનો જય હો, જય જયકાર હો.

### સુવાક્ય

જે જ્ઞાનવડે વૈરાગ્ય થાય તે જ ખરું જ્ઞાન છે. બાકી જે વડે ધન, સ્ત્રી, પુત્ર આદિનો વધારો થતો રહે છે તે તો જડતા જ વધી છે એમ સમજવું.

વાસનારહિત જીવન તે જ મોક્ષરૂપ છે.



પ. પૂ. માતાજી

## જ્યોતિર્મયીની પુણ્યતિથિ ઉજવાઈ

૧. ભાવનગરમાં પ. પૂ. માતાજી જ્યોતિર્મયીની પુણ્યતિથિ તા. ૪–૧૦–૯૨ ના રોજ શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્રે ઉજવી. તે દિવસે શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્રના ભાઈબહેનોને પૂ. માતાજીના જીવન પ્રસંગો, પૂ. માતાજીનો સર્વોત્તમ ત્યાગ વગેરે વિષે શ્રી નારાયણભાઈ જાનીએ ટૂંકો વાર્તાલાપ આપ્યો.

યાદ રહે કે પૂ. માતાજીનું શરીર ભાવનગરમાં તા. ૪–૧૦–૮૦ ના રોજ શાન્ત થયેલું અને તેઓનો અગ્નિસંસ્કાર ભાવનગરમાં પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી અને પૂ. મા શ્રી સર્વેશ્વરીની ઉપસ્થિતિમાં થયેલો.

૨. મોરબીના સાધક ભાઈબહેનોએ પણ પૂ. માતાજીની પુણ્યતિથિ નિમિત્તે એક ખાસ કાર્યક્રમ શ્રી શંકરમહાદેવના સ્થાનમાં પ્રયોજીને ઉજવી. આ પ્રસંગે શ્રી ગોરધનભાઈ કલોલા અને શ્રી હરિભાઈ ભોજાણીએ પૂ. માતાજીના જીવનપ્રસંગો વર્ણવ્યા. પૂ. માતાજીની મહાનતા તેઓના સર્વોત્તમ ત્યાગમાં રહેલી છે, તે પર ખાસ ભાર મૂકવામાં આવ્યો.

૩. અમદાવાદના ધ્યાનકેન્દ્રે પણ સત્યપથમાં બે કલાકનો ખાસ કાર્યક્રમ રાખી, તે દિનની ઉજવણી કરી. તેમાં પૂ. શ્રી યોગેશ્વરજી અને પૂ. માતાજી તથા મા સર્વેશ્વરીનાં સ્વરૂપોનું પૂજન અગ્નિહોત્રી શ્રી પદ્મનાભ કપિલદેવના હસ્તે કરાવ્યું. તે ઉપરાંત પૂ. શ્રી યોગેશ્વરજીનું ગુજરાત યુનિવર્સીટીમાંનું યોગદર્શન ઉપરનું

પ્રવચન તેમ જ શ્રી બાબુભાઇ વોરા અને શ્રી રંજનબેન ઠાકરે પૂ. માતાજીના જીવનપ્રસંગો સાધક ભાઇબહેનોને કહ્યા હતા. સારી સંખ્યામાં સાધકોએ ભાગ લીધો હતો. ઉપસ્થિત સાધકોને ખાસ પ્રસાદ પણ વહેંચવામાં આવ્યો હતો.

૪. બીજા ધ્યાનકેન્દ્રોએ પણ પૂ. માતાજીને અંજલિ આપતા કાર્યક્રમો પ્રયોજી પુણ્યતિથિની ઉજવણી કરી હતી.

O

### ચૂંટેલા પુષ્પો

યુદ્ધ બધી રીતે અમંગલ અને વિનાશક હોય છે. એમાં જાન ને માલની મોટામાં મોટી ખુવારી થાય છે એ તો સાચું જ, પરંતુ જે પ્રજા કે જાતિઓ વચ્ચે યુદ્ધ થાય છે એમની વચ્ચે વિખવાદ, વૈમનસ્ય અને અંતર વધે છે ને કાયમને માટેની દ્વેષની દુર્ભેદ્ય દીવાલ ઊભી થાય છે એ પણ એટલું જ સાચું છે. એ રીતે વિચારતાં, યુદ્ધ નાનું હોય કે મોટું પણ આશીર્વાદરૂપ થવાને બદલે અભિશાપરૂપ ઠરે છે.

### ચિંતન કણિકાઓ

જે માણસ પોતાને માટે જાગ્રત છે તેને હંમેશાં પોતાના વિકાસનો ખ્યાલ રહે છે. પોતાની નબળાઇઓ તે ભૂલતો નથી ને એક વિવેચકની જેમ બરાબર તપાસે છે.

યોગેશ્વરજી



# પરિવર્તનનો પમરાટ

પરદેશના નાનાં મોટાં બાળકો અને યુવક યુવતીઓ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના સાન્નિધ્યમાં આવ્યા પછી કેવા ભાવો અનુભવે છે અને તેમના જીવનમાં કેવાં પરિવર્તનો આવે છે તે નીચેના થોડા પત્રો ઉપરથી જોવા મળશે:–

**My Sweet Maa,**

Radha's Pranam.

I'm fine. When it was time to talk about Gandiji, I talked about Maa. I won a plaque with a poem on it. I hope you come Lack soon from India.

Your loving, daughter
**Radha**

**મારાં વ્હાલાં મા,**

રાધાના પ્રણામ.

હું મઝામાં છું. મારે જ્યારે ગાંધીજી ઉપર બોલવાનું હતું, ત્યારે હું મા ઉપર બોલી. તેમાં મને ધાતુની પ્લેટ ભેટ મળી જેના ઉપર કવિતા લખેલી છે. મા તમે જલ્દીથી પાછાં આવજો.

તમારી વ્હાલી દીકરી
રાધા

પૂ. મા,

તમારી તબીયત સારી હશે. તમે પાછાં ક્યારે આવશો? હું તમોને ખૂબ જ યાદ કરું છું. તમો એ દિવસ Syracuseમાંથી ગયાં ત્યારે મારી આંખમાં આંસુ આવેલાં. તમારા વગર ખૂબ જ સૂનું લાગે છે. તમો જલદી પાછાં આવો મા, હું તમોને ભૂલી નહીં જઉં.

તમારો બટુક
પ્રેમલ, વર્ષ ૧૦

---

પરમ પૂ. મા-પ્રભુ,

મને તમારા વગર ખૂબ જ સૂનું લાગે છે. તમો જલદી ભારતથી પાછા આવો એવી પ્રભુને હું પ્રાર્થના કરું છું. મને સીરેક્યુસને છોડવું ગમતું ન્હોતું, હું દરરોજ સવારે ગીતાનો એક અધ્યાય વાંચું છું, ૧૧ પ્રણામ કરું છું, અને સાથે માળા પણ કરું છું. સાંજે હું પ્રાર્થના બોલું છું અને પ્રભુની અને માની બાવની બોલું છું. મેં મારા રૂમમાં મંદિર બનાવ્યું છે. સીરેક્યુસમાં શનિવારે સવારે જ્યારે ધ્યાનમાં બેઠાં હતાં ત્યારે મને દેખાયું કે તમો રેતી ઉપર ધ્યાનમાં બેઠાં છો, કૃષ્ણ ભગવાન ત્યાં તમારા પાસે આવ્યા એટલે તમો ઉભા તઇ ગયાં. પછી તમો અને કૃષ્ણ ભગવાન રાસ રમતા હતા અને પછી આપણું ધ્યાન પૂરું થયું. સીરેક્યુસથી પાછા આવ્યાં ત્યારે આપણે એ બીજી યાત્રા કરી એવું લાગ્યું. મને ખૂબ મજા આવી.

તમારી હેતલના ખૂબ ખૂબ પ્રણામ
અને જય શ્રીકૃષ્ણ

---



**Om Maa,**

I have become much closer to you then before. You are always with me wherever I go, and there to guide me with Ram Bhagnan to righteouness.

A birthday is not only a day where one looks back to their life achievements, but to also thank God for putting us on this earth. Maa, we know that even though one's material body ages, the soul doesn't. But maa you resemble the lotus like flower, so pure and elegent.

I have treasured every gift that you have given me and always will. The gifts will be with me, all the time. Before I start any task or sit down to write in exam I always recite "Jai Siya Ram" and "Om Maa" to lead me towards doing the task to the best of my ability.

I again thank you for everything and hope to see you again this year before you go back to India.

"Ram Rasayen Tumhare Pasa,
Sada raho Raghupati–ke–dasa"

Maa, let me be like Hanumanji, the perfect devotee and servant of Lord Ram Bhagwan. The same way I am your servant–who wishes to complete all your deeds. Please come back soon, and I pray to Ram Bhagwan and Prabhu to provide you with long health and austerity.

A grateful devotee
of Lord Sri Rama.
**Neelesh**

**ઓમ મા,**

પહેલાં કરતાં, હે મા, હું આપની વધુ નજીક આવી ગયો છું. હું ગમે ત્યાં જાઉં આપ હંમેશાં મારી સાથે જ હોવ છો. અને રામ ભગવાનના ધર્મના માર્ગે મને દોરો છો.

જન્મદિન એ જીવનમાં શું પ્રાપ્ત કર્યું તે તરફ દૃષ્ટિપાત કરવાનો દિવસ માત્ર નથી, પરંતુ પ્રભુએ આ પૃથ્વી પર આપણને માનવ તરીકે જન્મ આપવા બદલ એનો આભાર માનવાનો છે. હે મા, અમે જાણીએ છીએ કે ભૌતિક શરીર ઉમ્મર વધવાની સાથે વૃદ્ધત્વ પ્રાપ્ત કરે છે, પરંતુ આત્મા કદી વૃદ્ધ થતો નથી. પરંતુ મા આપ તો કમળના ફૂલ જેવાં પવિત્ર ને સુંદર છો.

આપે મને જે જે ભેટો આપી છે, તેમને મૂલ્યવાન ગણી મેં સાચવી રાખી છે ને ભવિષ્યમાં પણ સાચવીશ. ભેટો તો સદૈવ મારી પાસે હોય છે, પરંતુ આપનું દર્શન હંમેશાં મારી સાથે રહેશે. કોઈ પણ કામ હું શરું કરું કે પરીક્ષામાં લખવા બેસું ત્યારે હું



જય સિયારામ અને 'ઓમ મા'નો ઉચ્ચાર કરું છું કે જેથી મને તે કામ મારી સર્વશ્રેષ્ઠ શક્તિથી કરવાની દોરવણી મળે.

હું ફરીવાર દરેક વસ્તુ માટે આભાર માનું છું અને આપ ભારત પાછાં ફરો તે પહેલાં મળવાની આશા રાખું છું.

"રામ રસાયણ તુમ્હરે પાસા, સદા રહો રઘુપતિ કે દાસા."

હે મા, મને ભગવાન રામના હનુમાનજી જેવા દાસ ને ભક્ત થવા દો. એવી જ રીતે હું આપનો પણ સેવક બનું, કે જે આપનાં કામો પૂરાં કરવાની ભાવના રાખે છે. હે મા તમે જલ્દીથી પાછા આવજો. અને હું રામ ભગવાન અને પૂ. ગુરુદેવને પ્રાર્થના કરું છું કે આપને લાંબુ આરોગ્ય અને તપ કરવાની શક્તિ આપે.

ભગવાન રામનો કૃપાકાંક્ષી ભક્ત
નીલેશ, ઉમ્મર ૨૦

**અંબાજીમાં ક્યાં ઉતરશો?**
" સ્વર્ગારોહણ "
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
" સ્વર્ગારોહણ ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯
(ઉ.ગુ.) ૩૮૫૧૧૦

# સંતના સાન્નિધ્યનો ચમત્કારિક પડઘો

મે, ૧૯૯૨ માં પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી હરદ્વારમાં એક માસ કરતાં વધુ સમય ગંગાકિનારે આર્યનિવાસમાં રહ્યાં. તે વખતે પૂ. માનું સાન્નિધ્ય પામવા ગુજરાત અને બીજેથી દોઢસો જેટલાં સાધક ભાઈબહેનો ત્યાં આવ્યાં હતાં. તેઓમાં લગભગ પચાસ ટકા જેટલાં નાનાં અને યુવાન વયનાં હતાં. પૂ. માના સાન્નિધ્યમાં તેઓએ શું અનુભવ્યું અને તેમના જીવનમાં કેવું પરિવર્તન આવ્યું, તેની વાતો આ યુવક–યુવતીઓએ પોતે જ લખીને પૂ. માને આપી છે. તે બધા લેખો તો માસિકમાં સમાવી ના શકાય, પરંતુ તેઓમાંથી થોડાઓની વાતો આમાં મૂકવામાં આવી છે તે ઉપરથી જોઈ શકાશે કે આ કુમળા છોડોને જો યોગ્ય ઉછેર અને માવજત મળે, તો તેઓ કેવાં સારાં બની શકે.

વાંચકો પોતે જ આ લખાણો વાંચી નિર્ણય કરે એ ઉચિત થશે.

—તંત્રી

( ૧ )

નામ : બીજલ પ્રકાશભાઈ ભટ્ટ

ઉમ્મર : ૧૪ વર્ષ.

હું હરિદ્વારમાં પહેલી વખત આવી છું. અહીં આવીને એ અનુભવ થયો, કે મા પ્રેમની મૂર્તિ છે. માએ મને એટલો પ્રેમ આપ્યો અને એટલી સંભાળ રાખી કે જે અમૂલ્ય છે. માએ મારી અંદરની પ્રાર્થના સાંભળી. એવું ઘણી બધી વખત થયું. હું અહીંયા માતાપિતાને આદર આપતાં શીખી અને સમૂહમાં કેવી રીતે વર્તવું તે પણ શીખી.



મને અહીંયા ખૂબ જ ગમે છે અને હું ગંગામાને પ્રાર્થના કરું છું કે જ્યારે જ્યારે પૂ. મા અહીંયાં આવે ત્યારે ત્યારે મને આવવાનો લાભ મળે, અહીંયાથી ૧૨૫ પ્રણામ અને પાંચ બાવનીનો નિયમ ગંગામા પળાવે એવી હું પ્રાર્થના કરું છું.

( ૨ )

નામ : અર્ચના ગોહિલ

ઉમ્મર : ૧૯ વર્ષ

હરદ્વાર આવવાનું પ્રથમ વાર જ થયું. હરદ્વાર આવીને ઘણો જ આનંદ થયો. અહિંયા રોજ પવિત્ર ગંગામાં સ્નાન કરવાનો લાભ મળે છે. તેમ જ પૂ. મા સાથે ઘણી યાત્રા કરવાનો પણ લાભ મળ્યો.

પૂ. મા પાસે આવીને ઘણા નિયમ પણ લેવાયા જેમકે હું ઘરે નિયમિત રીતે પ્રણામ કરતી ન હતી. પણ અહિંયા આવીને નિયમિત રીતે પ્રણામ કરું છું અને ઘરે જઈને પણ નિયમિત પ્રણામ કરીશ. તેમ જ મને ઘણીવાર ચા પીવાનું મન થાય ત્યારે હું પી લેતી હતી. પણ અહિંયા નિયમ લીધો કે કદી પણ ચા પીવાની નહિ. તેમ જ પીક્ચર જોવાનો પણ ઘણો શોખ હતો. આમ તો બહાર કદી પણ પીક્ચર જોવા જતી ન હતી પણ ટી. વી. ઉપર શનિ તથા રવિવાર સાંજના પીક્ચર જોતી હતી. પણ હવે તે પણ નહિ જોવાં તેવો નિયમ લીધો છે. અને આ બધા નિયમ પાળીશ જ.

બસ માની પાસે એટલી જ પ્રાર્થના કરીએ છીએ કે દર વર્ષે માની જ્યાં પણ શિબિર હોય ત્યાં માની કૃપાથી અમે પણ જઈએ અને માના સત્સંગનો લાભ મળતો રહે તેવી પ્રાર્થના.

( ૩ )

નામ : મેરાઇ મિનલ સુબલાલ

ઉમ્મર : ૧૫ વર્ષ.

હું પહેલી વાર જ હરદ્વાર આવું છું. અને પહેલી જ વાર માના સાન્નિધ્યમાં આટલા દિવસો રહી. આ પહેલાં કોઇ શિબિર ભરી નથી. અહીં પૂજ્ય મા અને સાધક ભાઇબહેનો સાથે રહેવાની ખૂબ જ મઝા આવે છે. બહુ આનંદ આવે છે. અહીંથી ઘણું શીખવા મળ્યું, જેમકે શિસ્તના નિયમો, સત્સંગમાં કેવી રીતે બેસવું, સંતો સાથેનો વ્યવહાર કેવો રાખવો જોઇએ, સમૂહમાં કેવી રીતે રહેવું. આ બધી ઘણી જ અગત્યની બાબતો શીખવા મળી છે. પૂજ્ય માએ નીલકંઠ જવાનું કહ્યું ત્યારે મારા પગ બહુ જ દુખતા હતા પણ હું તૈયાર થઇ. જવા માટે સવારે નીકળતી ત્યારે પણ પગ કાંપતા હતા. પણ મેં માને પ્રાર્થના કરી કે "હે મા, મને ચઢવાની શક્તિ આપજો." અને આ પ્રાર્થના સંભળાઇ હોય તેમ મને લાગ્યું. કેમ કે પછી તો આખા રસ્તે ચઢીને ઊતર્યાં ત્યાં સુધી મારા પગ જરાય દુખ્યા નથી કે થાક લાગ્યો નથી. હવે તો પૂજ્ય માનો એક પણ સત્સંગ કે શિબિર છોડવી નહીં એમ લાગે છે.

( ૪ )

નામ : કૌપિન

મારું હરદ્વાર આવવાનું નક્કી ન હતું કારણ કે ૨૪ મી એપ્રિલના અહીં આવવાનું હતું. તો મારી પરીક્ષા ચાલતી હતી એટલે મારું રીઝર્વેશન કરાવ્યું નહીં. પછી મેં પૂ. માને પ્રાર્થના કરી કે કોઇ મોડા જવાના હોય તો મને સંગાથ મળે તો મમ્મી મને મોકલે. એટલે મને ૩૦ મી ના અહીં આવવા મારું નક્કી થયું. હું



અતુલભાઇ સાથે આવી. અને અહીં આવી ત્યારે મને એવું બધું ગમ્યું. દરરોજ ગંગામાં ત્રણ વાર સ્નાન કરવાનું મળે. અને માના સાન્નિધ્યમાં ઘણું ઘણું શીખવાનું મળ્યું. અને પૂ. મા અમારા બધા બાળકો ઉપર પ્રેમની વર્ષા વરસાવતાં રહે છે. હવે પછી અમારી શ્રદ્ધા ભક્તિ વધારે તેવી પ્રાર્થના.

( ૫ )

નામ : કીર્તિ વી. જોષી

અમે હરદ્વારમાં આવ્યાં પછી એવું લાગ્યું કે માએ અમારી પાછળ પોતાનો જે કીમતિ સમય આપ્યો, પ્રેમ આપ્યો તો અમારું જીવન જે અવગુણથી ભરેલું છે. તેને બને તેટલું સુધરવા પ્રયત્ન કરીશું. અને મા–પ્રભુનું કામ કરીને માનું નામ દીપાવીશું.

હરદ્વારમાં આવ્યા પછી મા પાસેથી અમને એવું શીખવા મંડયું કે દરેક જણ જોડે તથા માતા–પિતા અને વડીલો સાથે કેવી રીતે વર્તવું જોઇએ. સૌના પ્રત્યે આદરભાવ રાખવો જોઇએ. વળી ચોખ્ખાઇ, સાદાઇ રાખવી જોઇએ. મહાન સંતનું સાન્નિધ્ય મળ્યું છે તો તેમના આદેશોનું પાલન પણ કરવું જોઇએ.

બીજું મા કહે તે કરવું માની આજ્ઞાનું પાલન કરવું તેમાં જ આપણું હિત હોય છે.

હરદ્વારમાં આવ્યાં પછી એક એવો નિયમ લીધો હું માતા–પિતાને પગે તો લાગું છું પણ નિયમિત રીતે નથી લાગતી. પૂજાપાઠ પણ કરું છું તે પણ નિયમિત રીતે નથી કરતી તો નિયમિત રીતે પગે લાગીશ. અને પૂજાપાઠ કરીશ. બીજો એ પણ નિયમ લીધો કે જેટલા મા–પ્રભુના બાળકો છે તેમને ભેગાં કરવાં અને મા–પ્રભુનાં કામ કેવી રીતે કરવાં, બીજાને પણ કેવી રીતે

આગળ લાવવાં અને આપણે પણ કેવી રીતે આગળ વધવું તે પણ નિયમ લીધો. અને અધ્યાત્મના ગ્રાહક પણ બનાવવા તેમ જ પ્રકાશના પંથેનાં દરરોજ ૧૦ પાનાં વાંચવાં અને દિવસમાં અડધો કલાક પ્રભુને પ્રાર્થના કરવી.

અને અંતે એટલું જ કે જ્યાં રહીશું, જ્યાં ફરીશું, જ્યાં જઈશું ત્યાં બને તેટલું મા–પ્રભુનું સ્મરણ કરવા પવિત્ર થવા અને માતા–પિતા અને ગુરુનું નામ દીપાવવા પ્રયત્ન કરીશું.

અંતે એટલી જ પ્રાર્થના કે જે મેં નિયમ લીધા છે તેને પાળી શકું અને બીજું અમને માએ એ પણ શીખવાડયું કે જીવનમાં ગમે તેટલું દુઃખ આવે, ગમે તેટલી કસોટી થાય તો એમ માનવું કે એમાં આપણું હિત હશે.

( ૬ )

**નામ : મનિષા એ. પંડયા**

ઉમ્મર : ૨૦ વર્ષ.

હરદ્વાર આવ્યા પછી મારા જીવનમાં ઘણું પરિવર્તન આવ્યું છે. અહીં આવીને હું ઘણી ભક્તિ કરી શકું છું. જ્યારે હું ઘરે જાવું છું ત્યારે હું ભગવાનની ભક્તિ જરા પણ કરી શકતી નથી. અહીં ગંગાકિનારે આવીને મારા વિચારોમાં, મારામાં ઘણું પરિવર્તન આવ્યું છે કે મારા વિચારો શુદ્ધ થયા. અહીંની પાવન ભૂમિમાં મને સત્સંગનો લાભ ઘણો સારો મળ્યો. અહીં હું સતત માના સાન્નિધ્યમાં રહેવા મથું છું હું અહીં ઘણી માળા, જપ કરી શકું છું અને હું ગંગાજીને પ્રાર્થના કરું છું કે અહીંથી હું જે નિયમ લઈને જાઉં તે હું પાળી શકું. અહીં આવીને મને ઘણા સારા અનુભવો થયા છે. અહીં આવીને મને મારા મનના પ્રશ્નોનો ઉત્તર



પણ સહજ રીતે મળ્યો છે. સ્વભાવમાં પણ ઘણું પરિવર્તન આવ્યું છે. હું અહીં એવી પ્રાર્થના કરું છું કે જે મારામાં પરિવર્તન આવ્ય છે તે ટકી રહે. અહીં આવીને અમને સમૂહજીવનના પાઠ શીખવા મળ્યા. અહીં સમૂહસ્નાન, કીર્તન એ બધું કરવા મળ્યું તેમાં આનંદ આનંદ થતો. માની કૃપાનો વરસાદ વરસતો રહે એવી પ્રાર્થના.

( ૭ )

નામ : ઉર્વશી વી. ગોહિલ

ઉમ્મર : ૧૭ વર્ષ.

હું અહીંયા હરદ્વારમાં પહેલીવાર આવી છું. પણ અહીંયાં આવીને મા જે આનંદ કરાવે છે તેની એટલી બધી મજા આવે છે કે બસ ન પૂછો વાત. અહીંયાનું વાતાવરણ પણ ખૂબ જ પ્રફુલ્લિત કરે તેવું છે, તે જોઈને આપણાથી સહજ રીતે જ માનું સ્મરણ મનમાં થયાં કરે છે. નહિતર આખો દિવસ તો મારાથી કોઈપણ જગ્યાએ ફક્ત માનું સ્મરણ તો થતું જ નથી. અહિંયા દરેક વ્યક્તિ પાસે માની જ વાતો જ જાણવા મળે છે. અહીંયા ઘણી બધા વ્યક્તિઓ સાથે પહેલીવાર મળવાનું થયું. પણ પહેલીવારમાં જ ઘણો બધો આનંદ આવ્યો. આટલો બધો આનંદ આવશે તેવું ઘરેથી નીકળ્યા ત્યારે વિચાર્યું પણ નહોતું.

ત્યારબાદ માએ અમને બધા બાળકોને નીલકંઠ મોકલ્યા. તે વખતે રસ્તામાં પણ સતત માનું સ્મરણ, બાવની વગેરે સહજ બોલાયાં કરતું હતું. અહીંયા ગંગાના પવિત્ર સ્થાન પર અમે ૫૦૦ બાવની કરી જેનાથી અમારી શ્રદ્ધા–ભક્તિમાં પણ ખૂબ વધારો થયો. પૂ. માનું જેમ બને તેમ વધારે સ્મરણ લેવાનું મન થયાં કરે છે. અને માએ આશીર્વાદ પણ સરસ આપ્યા.

અહીંયાથી બીજું પણ ઘણું બધું શીખવા મળ્યું જેમકે સમૂહ-માં રહેવું, સમૂહમાં સ્નાન કરવું સમૂહમાં નાસ્તો કરવો, સમૂહમાં પ્રણામ કરવા, શાંતિથી રહેવું, ધીરેથી બોલવું, મર્યાદામાં રહેવું વગેરે અનેક બીજી સારી બાબતો શીખવા મળી.

અહીંયા ગાયત્રી અને કીર્તિ પાસેથી માની ઘણી વાતો જાણવા મળી.

અહીંયા આવીને મેં ગંગાના પવિત્ર સ્થાન પરથી નિયમ લીધો છે કે ઘરે જઇને અમુક માળા નિયમિત કરવાની જ પ્રકાશના પંથે વાંચીને પ્રભુનો જેમ બને તેમ વધુ પ્રચાર કરવો. અને માતાપિતાને તો પગે લાગતી હતી પણ મોટી બહેનોને પગે લાગવામાં ખૂબ સંકોચ થતો હતો જે માની કૃપાથી ઓછો થયો અને હવે બેનોને પણ પગે દરરોજ લાગીશ.

તા. ક. : પૂ. માન તમારાથી કંઇ અશક્ય નથી તો મને આશીર્વાદ આપો કે હું માતાપિતા અને ભાઇ બહેનોની સામું બોલું છું તે ના બોલું. અને તે લોકોને ગમે તેવું વર્તન કરું. અને પૂ. માનું નામ નિયમિત લઉં. તેવા આશીર્વાદ માંગતી ઉર્વશી...

( ૮ )

નામ : ધરા રાજેન્દ્રકુમાર જાની

ઉમ્મર : ૧૯ વર્ષ.

મને હરદ્વાર બીજી વખત આવવા મળ્યું, એ જ મારે માટે સૌભાગ્યની વાત છે. તે પણ પૂ. માની સાથે આવવા મળે એથી વિશેષ શું હોય એ પૂ. માની કૃપા જ કહેવાય. પૂ. મા સાથે હરદ્વાર આવવાનું બને એટલે સ્વર્ગમાં રહીએ છીએ તેવું લાગે છે. કદાચ તેના કરતા પણ વધારે કંઇ મળતું તેવું લાગે છે. હરદ્વારનું



વાતાવરણ જ એટલું પવિત્ર છે કે તે આપણા મનને પવિત્ર, સ્વસ્થ અને શાંતિમય બનાવી દે છે. હરદ્વારમાં આપણે જે જે રસ્તા કે શેરીમાંથી પસાર થઇએ ત્યાં ત્યાં માતા ગંગાનાં દર્શન કરવા મળે છે, આ પ્રવાહને જોતાં જ અમારા મનના મેલા કણ ધોવાઇ જાય છે. ને શાંત પ્રવાહને જોતાં એટલો બધો આનંદ પ્રાપ્ત થાય છે કે તેનું વર્ણન કરવું મુશ્કેલ બની જાય છે. આ ગંગા કિનારે આખો દિવસ પૂ. માની સાથે સત્સંગ કરવા મળે છે તે ખરેખર સદ્‌ભાગ્યની જ વાત છે. ગંગામાં સમૂહ સ્નાન કરવાનો એટલો બધો આનંદ થાય છે. કે આ સમૂહ સ્નાનને હંમેશાં યાદ કરીને આનંદથી દિન પસાર કરીએ. એવા આશીર્વાદ માંગુ છું. અહીં રહેતા દરેક સભ્યો મારા પરિવારના છે એવું લાગે છે. આવા સમૂહજીવન જીવવાનો આનંદ જ અનેરો હોય છે. અમે અહીં આવીને સમૂહજીવન કેવી રીતે જીવવું તે શીખવા મળ્યું. મોટા વડીલો સાથે કેવો વ્યવહાર કરવો અને તેમને કઇ રીતે મદદરૂપ થવું તે શીખવા મળ્યું. પૂ. મા પાસે અમારા જીવનમાં ઉપયોગી થાય તેવી નાની વાતો પણ શીખવા મળી. માએ ચંદ્રવદનીની યાત્રા, મસૂરી યાત્રા જે કરાવી તે અમારા માટે જ કરાવી છે તેવો અનુભવ સતત થયા કરે છે. ચંદ્રવદનીની યાત્રા તે ખરેખર અમારા માટે એક જીવનનું ભાથું મેળવવા માટે થઇ હોય એવું લાગે છે.

પૂ. માએ અમને પવિત્ર જીવન જીવવાની પ્રેરણા પૂરી પાડી છે. પૂ. મા, તમને અમારા ગુરુ, માતા, પિતા, સખી બનાવી શકીએ એવી પણ હું પ્રાર્થના કરું છું. મને હરદ્વારમાં આવ્યા પછી કોઇ ખરાબ વિચાર પણ નથી આવ્યા. એ પણ મા–પ્રભુની કૃપા કહેવાય. આવું જ મન પવિત્ર ઘરે જઇને પણ રહે એવા પ્રયત્ન

કરીશ. વધારે ને વધારે મા–પ્રભુનું જ સ્મરણ કરીશ જેથી અમારો જે પ્રેમ સંસારમાં વેંચાય જાય છે તે વહેંચાવાનો ધીરે ધીરે બંધ થઇ જાય.

મા અમે ગંગા કિનારે એવો નિયમ લીધો છે કે અમે અમારા મા–બાપ અને ઘરના વડીલોની જીવનભર સેવા કરી શકીએ. તેઓને આદરથી રાખી શકીએ. તેમની સામે ક્યારેય ગમે તેમ બોલી ન શકાય એવી સહનશીલતા અમારામાં બની રહે. અહીં પૂ. માએ નાના નાના બાળકો ઉપર એવો પ્રેમ વરસાવ્યો છે કે કોઇ પણ બાળક પોતાના માતા, પિતા, ભાઇ, બહેનને પણ યાદ નથી કરતો. અમે એવો પણ નિયમ લીધો છે કે જમતાં મૌન રાખવાનું અને તમે જે પ્રાર્થના કહી તે રોજ બોલવાની. દર ગુરુવારે નિર્જળા કરવાનો, જ્યાં સુધી થશે ત્યાં સુધી અને નિયમિત ૨૦ માળા કરવાની. આ નિયમ હંમેશાં જળવાઇ રહે તેવી હું મા–પ્રભુને અને ગંગા માતાને પ્રાર્થના કરું છું.

મા અમે અમારા માતાપિતાને ધન્યવાદ આપીએ છીએ કે અમને પ્રભુને પંથે નાનપણથી વાળ્યાં. અમે ભાગ્યશાળી છીએ કે વ્રત, તપ, જપ વગર પ્રભુ અને મા નાનપણથી મળ્યાં. મા આપ જ્યારે દશરથ પર જઇને આવ્યાં અને તેની વીડીયો કેસેટ જોઇ ત્યારે ખરેખર મા મને આપ સાક્ષાત્ શક્તિસ્વરૂપા લાગ્યાં.

( ૯ )

નામ : **સંગીતા દેસાઇ,** M.Sc. B. Ed.

ઉમ્મર : ૨૪ વર્ષ.

આ વખતે હરદ્વાર હું બીજી વખત આવી છું. ગયા વર્ષે પહેલી



વાર આવેલી ત્યારે મને એટલું બધું ગમેલું કે હું આ વખતે પણ અહિં આવવા તૈયાર થઇ ગઇ. આ વખતે અહિંનું વાતાવરણ જ ગયા વખત કરતાં જૂદું લાગ્યું. આ વખતે નવા છોકરાઓ અને છોકરીઓ એટલી બધી છે કે માઁ તો તેઓમાં જ રચ્યાં–પચ્યાં રહે છે. તે લોકોને સુધારવામાં જ માઁનો મોટા ભાગનો સમય વીતી જતો હોય તેવું લાગે છે. સાવ સાચું લખું તો મને તે બધા નવા છોકરાઓ–છોકરીઓને જોઇને ખૂબ જ ઈર્ષા આવે છે. મને સતત એવું જ થયાં કરે છે કે હું પણ એટલી હદે બગડી જાઉં કે માઁ મને સુધારવાના બહાને તો મારી સાથે બોલે! અહિં આવીને આ વખતે મારો માઁ–પ્રભુ પ્રત્યેનો પ્રેમ ખૂબ વધી ગયો હોય તેવું લાગે છે. આ વખતે મને એવી સ્થિતિનો અનુભવ થયો છે કે જ્યારે આપણી પ્રિયમાં પ્રિય માઁ આપણી સામે જ હોય છતા ન તો આપણે તેની સાથે બોલી શકીએ કે ન તો તે આપણી સાથે બોલે આ વખતે જે મનની હાલત થાય છે તે ખૂબ જ વેદના આપે છે પરિણામે કોઇની સાથે બોલવાની ઇચ્છા જ થતી નથી અને મન સતત માઁના પ્રેમ માટે તરસતું રહે છે. ખરેખર આવી સ્થિતિ પહેલાં કોઇ વખત ન હતી. જેમ–જેમ માઁ મારી સાથે બોલતા નથી તેમ–તેમ મને વધારે તેની ઝંખના થાય છે. હું માઁ–પ્રભુને એટલી જ પ્રાર્થના કરું કે મારી મનની આ સ્થિતિ હું ઘરે જઉં પછી પણ જળવાઇ રહે. માઁ માટે જે વિરહની વેદના મારા મનમાં જાગી છે તે કાયમને માટે ટકી રહે કારણકે મને વિશ્વાસ છે કે માઁને મારી પાસે આવવું જ પડશે. તે ક્યાં સુધી બેસીને મને આવી સ્થિતિમાં જોઇ શકશે? અહીંયાં આવીને બીજી પણ ઘણી તાલિમ મળી છે જેમકે સમૂહમાં રહેવું, નીચે જે પણ ખાવાનું હોય તે ખાઇ લેવું વગેરે. મારી માટે સૌથી મહત્ત્વનું તો

મારી માઁ માટેનો મારો તલસાટ જાગ્યો છે તે છે એટલે તેની સરખામણીમાં બીજું બધું ગૌણ છે.

માઁના વ્હાલ માટે સદાય તડપતી, માઁની સંગીતા.

( ૧૦ )

નામ : **સુરેખાબેન ભાવસાર, શિક્ષિકા.**

ઉમ્મર : ૪૦ વર્ષ.

એકાદ વર્ષથી ગંગા કિનારે આવવાની ઈચ્છા હતી. મા–પ્રભુની કૃપાથી પૂર્ણ થઈ. આમ તો મા–પ્રભુ સાથે ૧૯૭૬ થી પરિચય થયો હતો. મા–પ્રભુ પ્રત્યે ખૂબ જ પ્રેમ, મા–પ્રભુ પણ મારી સર્વ પ્રકારે માબાપ કરતાં પણ વધુ કાળજી રાખતાં.

હરદ્વારમાં પૂજ્ય માના સાન્નિધ્યમાં રહેવા મળ્યું. અનહદ આનંદ થયો. તા. ૭–૫–૯૨ થી ૨૬–૫–૯૨ આમ ૨૦ દિવસ રહેવા મળ્યું મારા જીવનમાં પ્રથમ વખત આમ લાંબો સમય માના સાન્નિધ્યમાં રહેવા મળ્યું.

મને ગંગા કિનારે માના સાન્નિધ્યમાં સત્સંગ કરવાની પ્રથમથી ઈચ્છા હતી.

અમે તા. ૭–૫–૯૨ આવ્યાં ત્યારે જાણવા મળ્યું કે પૂ. મા દશરથ પર્વત પર ગયાં છે પરંતુ માનો પ્રેમ કેટલો કે તેઓ ગયાં હતાં પરંતુ અમને પ્રથમ વખત આવતાં હોવાથી સ્ટેશન પર એક ભાઈ તેમ જ બહેનને તેડવા માટે મોકલ્યાં. એમની સાથેના બીજા બહેનોને પણ મને એકલું ન લાગે તેમ જ તકલીફ ન પડે તે માટે સૂચના આપી ગયાં હતાં, આવી કઠિન યાત્રાએ જવાનું હતું છતાં પૂ. મા આવી નાની બાબતો પ્રત્યે મારી ખૂબ કાળજી રાખતાં. આવું જાણી હું હરદ્વાર આર્યનિવાસમાં આવી તો ખૂબ જ ગદ્ગદ્ થઈ



ગઈ. કોઈએ મને માની ખોટ લાગવા દીધી નથી. એ બહેનોનો પણ આભાર.

પૂ. મા દશરથ પર્વત ઉપરથી આવ્યાં ખૂબ જ કઠિન યાત્રા કરીને આવ્યાં ખૂબ જ થાકેલાં હતાં. માના ચરણો ખૂબ જ દાઝી ગયાં હતાં. પૂ. મા ખુલ્લા પગે પર્વત પરથી ઉતર્યાં તેથી ચરણોની ચામડી ખૂબ જ લાલ થઈ ગઈ હતી. ખૂબ જ વેદના હતી કે કોઈપણ કઠોર માણસ તે જોઈને આંસુ સાર્યા વિના ન રહે. છતાં પણ માએ એકાદ કલાક પછી મને બોલાવી તેથી પણ ખૂબજ આનંદ થયો

આવી કઠિન યાત્રા દ્વારા પૂ. મામાં ગુરુ પ્રત્યે કેવી અડગ શ્રદ્ધા છે, હિંમત છે, ધીરજ છે તે જોવા મળ્યાં.

પ્રભુને મેળવવા માટે માનવે કેવી લગની રાખવી જોઈએ. એની રીત પણ ઝડપી બને માટે ઉત્સાહથી પરિપૂર્ણ હોવી જોઈએ. પ્રભુ પ્રત્યે પ્રેમરસ કેવી રીતે પ્રગટાવવો જોઈએ તેની ઊંડી સમજ મળી. વળી પ્રભુમાં ઉદ્ભવેલી શ્રદ્ધા, દૃઢતા ધારણ કરે તેને માટે શું કરવું જોઈએ તે જાણવા મળ્યું. સતત સત્સંગમાં મા જ પદો ગાતાં હતાં તે ખૂબ જ સુંદર હૃદયસ્પર્શી હતાં માનો પ્રેમ, માની શ્રદ્ધા માણસને અંદરથી ધ્રૂજાવી નાંખે તેવું અનુભવ્યું.

પૂ. મા–પ્રભુ જેમ શરૂઆતથી મને પ્રેમ આપતાં તેમજ ખૂબ કાળજી રાખતાં હતાં, તેમ અહીં પણ રાખતાં. છેલ્લા સાત દિવસ પૂ. માની વધુ નજીક રહેવા મળ્યું મને ખૂબ જ શાંતિ અને આનંદ મળ્યાં–સંતોષ પણ થયો.

હરદ્વાર મને પ્રથમ વખત આવવા મળ્યું–હરદ્વારનાં મંદિરો પણ જોયાં. પ્રથમ વખત જ પહાડોને પ્રત્યક્ષ નિહાળ્યા અને કુદરતી સૌંદર્યનો આનંદ મળ્યો. પૂ. મા સાથે મસૂરી અને ચંદ્રવદનીદેવી

જવા મળ્યું—આમ થોડા સ્થળો પણ જોયાં. પ્રભુએ જે સ્થળે સાધના કરેલી તે સ્થળો, જ્યાં રહ્યા એ સ્થળો જોવાથી જે ૧૦૮ નામ રોજ લઈએ છીએ તે જીવંત લાગતાં થઇ ગયાં.

પૂ. મા મારા જીવનના આર્થિક, શારીરિક, માનસિક, આધ્યાત્મિક બધાં પાસાઓમાં વધુ પ્રવેશ્યાં. મને ખૂબ જ સંતોષ થયો. માના મધુર પ્રવેશથી મારું હૃદય પુલકિત થઇ ગયું. ખૂબ જ નિયમિત સત્સંગનો લાભ મળ્યો. મા—પ્રભુ વારંવાર આવા સત્સંગનો લાભ આપે એવી પ્રાર્થના.

પૂ. મા પ્રભુના પ્રેમને કારણે જ મારા શ્વાસ પણ ચાલી રહ્યા છે. એમાં જરા પણ અતિશયોક્તિ નથી. પૂ. મા પ્રભુની કૃપા હું જીરવી શકું એવી પ્રભુ યોગ્યતા આપે. એવી પ્રાર્થના.

આમ હરદ્વારની યાત્રા મારા જીવનની પ્રથમ સફળ યાત્રા રહી. બીજી મારા હૃદયને એક વાત સુરેશભાઇની સ્પર્શી. જે સત્ય છે ને સ્વીકારવું તો જોઇએ જ ને?

પૂ. મા સમગ્ર વિશ્વની મા પણ છે. આપણે મૂડી તરીકે સાચવવી જોઇએ. માને અંગત જીવન જીવવા સરળતા આપવી જોઇએ કારણકે મા જેવા સંત આ પૃથ્વી પર મળે એમ નથી તેથી એમને રતનની જેમ સાચવવાં એ આપણી ફરજ છે.

જો કે મા ભગવતીને આપણે શું સાચવવાના? પરંતુ માએ શરીર ધારણ કર્યું છે એટલે એ આપણી જવાબદારી છે. આ જાળવતાં નથી તેનું પણ મને ખૂબ જ દુઃખ થયું.

પૂ. મા પ્રભુએ અત્યાર સુધી ઘણો પ્રેમ બધું આપ્યું પરંતુ હવે હું સ્વતંત્ર રીતે મા પ્રભુનાં કાર્ય કરી શકું, સાધના કરી શકું એને માટે પ્રયાસ કરીશ.



મારાથી માનો વિયોગ જીરવી શકાતો નથી. પૂ. મા સાથે પહેલાં થોડું રહેવાનું તેમ જ માની સાધના તપ જોવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું તેથી મા મારાથી દૂર જાય તેથી ઘણી વાર ઓછું આવે, દુઃખ લાગે.

મા મને સહનશક્તિ આપે એવી પ્રાર્થના.

**( ૧૧ )**

નામ : **જયુ ભક્ત**

ઉમ્મર : ૧૮ વર્ષ.

વાત્સલ્યમૂર્તિ માના શ્રીચરણોમાં વંદન. હરદ્વાર એટલે હરિનું દ્વાર. અને એ હરિના દ્વારમાં દાખલ થતાં જ આપણે બે માનો— એક સર્વેશ્વરી માનો અને બીજાં ગંગામાતાનો પ્રેમ પામીએ છીએ. ગંગામા આપણા શરીર પરનો મેલ નષ્ટ કરે છે. જ્યારે સર્વેશ્વરી મા આપણા મનનો મેલ નષ્ટ કરે છે, અને આપણને ધન્ય બનાવે છે.

અહીં મને માનું સતત સાન્નિધ્ય મળ્યું. વળી, માના દ્વાર પણ હંમેશાં ખુલ્લાં જ હોય છે. જેને જવું હોય તે વિના સંકોચે મા પાસે જઇ શકે છે. મા કોઇને ના નથી પાડતાં, કારણ કે માનો તો એ સ્વભાવ જ નથી!

આ યાત્રા દરમિયાન મારામાં થોડી નિયમિતતા પણ આવી છે. હુ ઘરે કદી પૂરા ૧૨૫ પ્રણામ કરતી નહોતી. અહીં આવીને હુ રોજ કરું છુ. ઘરે કદી ભજન, કીર્તન કે પ્રાર્થના નિયમિત કરતી નહોતી. અહીં બધું થાય છે. ઘરે કદી રોજનીશી નિયમિત લખતી નહોતી, હવે લખું છું. ઘરે રોજ ઠંડા પાણીથી કદી સ્નાન નથી કર્યું પણ અહીં કરું છું અને એની શરીર ઉપર ખાસ કાંઇ

વિપરિત અસર થતી નથી. હરદ્વારનું મારું જીવન પ્રભુમય બન્યું, જે ઘરે નહોતું. આટલી હદ સુધી. માના બધાં જ બાળકો જાણે કે મારા પરિવારનાં સભ્ય ન હોય! તેવી રીતે રહે છે. જ્યારે સમૂહસ્નાન થાય ત્યારે મા અમને દર્શન આપે એટલે બધાં આનંદિત થઇ જાય. આ સમયે પૂ. માના મુખારવિંદ ઉપર સુમધુર સ્મિત રેલાતું હોય છે. પ્રભુને હું પ્રાર્થુ કે માનું એ સ્મિત પ્રભુ જન્મ જન્માંતર સુધી ન ભુલાવે કે મારાથી અળગું પણ ન કરે.

અમે હરદ્વાર આવ્યા પછી માએ મનસાદેવી, નીલકંઠ મહાદેવ, મસૂરી, દેવપ્રયાગ, ચંદ્રવદનીદેવી વગેરેની યાત્રા કરાવી. પ્રથમવાર નીલકંઠયાત્રા અમે મોટર દ્વારા કરી. તે વખતે અમે ધૂન–ભજન ગાતાં બંધ થયા કે તરત જ મને વોમિટ થવાની હોય તેવું લાગ્યું. પછી મેં પ્રભુનું સ્મરણ ચાલુ રાખ્યું તો બધી મુશ્કેલીઓની માળા શ્રી પ્રભુએ પહેરી લીધી. બીજી વખત અમે પૂ. માના આશિષથી નીલકંઠની પદયાત્રા કરી. શરુઆતમાં તો ઉત્સાહભેર ચઢયાં પણ મધ્યભાગમાં જ્યાં થોડું ચઢાણ આવ્યું ત્યાં અમારામાં આગળ વધવાની જરાય શક્તિ નહોતી. પણ "ૐ મા" બસ આટલો નાનો મંત્ર બોલીએ એટલે મા અમારામાં શક્તિનો ધોધ વરસાવે અને અમે નીલકંઠની પદયાત્રા કરી નિવાસસ્થાન પર પાછાં આવી પહોંચ્યાં. પ્રભુની કર્મભૂમિ મસૂરીમાં અમે જોયું કે પ્રભુ કેવા સુંદર કાર્યો કરતા હતા. પ્રભુની જીવન જરૂરિયાતની સામગ્રી પણ તદ્દન ઓછી હતી.

એક દિવસ મને તાવ આવ્યો હતો. પૂ. માને પ્રાર્થના કરતી હતી કે એ જતો રહે એટલામાં તો માએ મારે માટે પ્રસાદ મોકલ્યો. પછી મને વારંવાર પૂછે કે તાવ કોને આવ્યો હતો? ક્યાં



ગયો એ તાવ? મા દરેક બાળકની પ્રાર્થના સાંભળે છે. પ્રાર્થના સાંભળીને બેસી રહેતાં નથી, પણ તેનો ઉત્તર આપે છે અને બાળકને સંતોષ ધરે છે. પૂ. માની કૃપા કેટલી હદ સુધી વિસ્તરેલી છે કે એનો કોઇ અંત જ નથી.

પ. પૂ. માએ પ્રભુનું સાધનાસ્થળ દશરથાચલ પર્વતના અણિદાર પથ્થરોવાળા વિકટ માર્ગમાં ખુલ્લા પગે યાત્રા કરી. ધોમધખતા તડકામાં પણ પૂ. મા એમ જ ચાલતાં રહ્યાં. પૂ. માના શ્રી ચરણો સખત રીતે દાઝી ગયેલાં. મેં મારી આંખે જોયેલાં પૂ. માને પર્વત ઉપર ચઢવાનું ઘણું કષ્ટ પડેલું તે અમે વિડીયો દ્વારા જાણ્યું. આટલું બધું કષ્ટ વેઠયું હોવા છતાં તેમની મુખમુદ્રા પર પીડાની છાયા સુદ્ધાં દેખા દેતી નહોતી. અને બાળકોનો જે માની સાથે ગયેલા તેમનો થાક ઉતારવા માટે હાસ્યની છોળો ઉડાડતાં રહેતાં. કોઇ બાળક કવેળાએ પણ માની પાસે જઇ બેસે તો મા તેને પ્રેમથી પોતાનું સાન્નિધ્ય ધરતાં.

આપણે સત્સંગમાં આવેલા હોય તો વડીલો પ્રત્યેનું આપણું વર્તન કેવું હોવું જોઇએ. કોની સાથે કેવી રીતે વાતો કરવી જોઇએ? તે બધું આપણને મા પાસેથી શીખવા મળે છે. પોતાના બાળકને લીધે કોઇ બીજાને ખલેલ ન પહોંચે તેની મા સતત કાળજી રાખે છે. પૂ. માના જીવનના જુદા–જુદા અનેક પાસાઓ છે. તેમાંના હું હજી અંશતઃ જોઇ શકી છું. તેને સમજવાની પ્રભુ શક્તિ આપે એવી પ્રાર્થના.

અંતે હું મા–પ્રભુને પ્રાર્થના કરું કે તમે હર ક્ષણે મારી સાથે જ રહેજો. જીવનની દરેક પળમાં તમારું આવું સાન્નિધ્ય આપજો. અને તમે મારા હૃદયાસન પર હંમેશ માટે બિરાજો તેવી યોગ્યતા મને ધરજો.

(૧૨)

નામ : તૃપ્તિ જે. કાકા

ઉમ્મર : ૧૮ વર્ષ.

માના ચરણે હું પહેલી વાર હરદ્વાર આવી છું અને મને હરદ્વાર આવ્યા પછી એટલું બધું ગમી ગયું અને માનો પ્રેમ એટલો બધો મળ્યો છે કે મારી પોતાની માએ પણ મને આટલો પ્રેમ નથી આપ્યો. મને ફિલ્મ જોવાની ખૂબ ટેવ તેથી પૂ. મા રમૂજ કરાવતાં ખૂબ વ્હાલ કરી મને સમજાવી કહે કે પીચર જોવું તે ખરાબ નથી, પણ તમે પીચરમાંથી શું ગ્રહણ કરો છો. તેમાંથી તમારા જીવનમાં કેવી અસર પડે છે તેના ઉપર આધાર છે.

માએ મને આખી જીંદગીનું ભાથું આપ્યું છે. પરંતુ માના જીવનમાં ઉતરવું ઘણું મુશ્કેલ છે. માએ સંસારમાં રહીને પણ કેવી રીતે ભગવાનનું નામ લેવું જોઈએ. તેની પણ સમજ આપી. સત્સંગમાં જવાથી આપણા વિચારો શુદ્ધ બને છે. ભગવાનનું નામ લેવું ગમે છે. તેથી સમય કાઢી સત્સંગમાં જવું જોઈએ.

કામ, ક્રોધ, લોભ જેવા અનેક અવગુણો મારામાં છે. પણ મને શ્રદ્ધા છે. આ મા જો મારી પર કૃપા કરશે તો આ બધા અવગુણો ધીમે ધીમે દૂર થઈ જશે અને એક દિવસ હું માની યોગ્ય બાળક બની જઈશ. પણ માની કૃપા હશે તો જ.

O

## માણસે પોતાના જીવનને પવિત્ર, પ્રેમમય ને પૂર્ણ કરવાનું છે

માનવમાત્રે આત્માની અમરતાની ફિલસૂફીને યાદ રાખવી જોઈએ, ને તેને જીવનમાં પચાવવાનો પુરુષાર્થ કરવો જોઈએ. સાથે સાથે શરીરની મમતા, મોહવૃત્તિ ને આસક્તિનો ત્યાગ કરવો જોઈએ. આધ્યાત્મિકતાની કેવળ વાતો કરવાથી કે જ્ઞાન ને વિજ્ઞાનની ચર્ચા કરવાથી સાચા આનંદની પ્રાપ્તિ થઈ શકે નહિ. સાચા આનંદની પ્રાપ્તિ માટે તો અનુભવના પ્રદેશમાં ઉતરવું પડશે. આત્મા અને પરમાત્માની મોટી મોટી વાતો કરનારા ને આત્મજ્ઞાનનો ઘમંડ રાખનારા કેટલાય માણસો શરીર ને વિષયોના મોહમાં ફસાયેલા દેખાય છે; ને ચારિત્ર્યની દૃષ્ટિએ નિર્બળ માલુમ પડે છે. જે વાતો વિદ્વત્તા ને જ્ઞાન ચારિત્ર્યને ચોક્ખું કરીને જીવનની જડતાને દૂર કરી નહિ શકે, તે વાતો, વિદ્વત્તા ને જ્ઞાનને શું કરવાનું? એવી તપશ્ચર્યા ને ઉપાસના પણ શું કામની જે તેનો આધાર લેનારા સાધકના જીવનને જેવું ને તેવું જ રાખે, ને ઉજ્જ્વલ કરે નહિ? જ્ઞાન, ઉપાસના કે તપશ્ચર્યા જીવનના ઉદ્ધાર માટે છે. તે દ્વારા માણસે પોતાના જીવનને પવિત્ર, પ્રેમમય ને પૂર્ણ કરવાનું છે. જીવનમાં પરમાત્માનો સાક્ષાત્કાર કરવાનો છે. તે માટે પુરુષાર્થ કરવાનો છે. એટલે જ્યાં પણ ચારિત્ર્યની મહાનતા, સત્યતા, પ્રેમ ને પ્રભુપરાયણતા અથવા આત્માની એકરૂપતા દેખાય છે, ત્યાં આપણું મસ્તક નમી પડે છે, હૃદય આનંદ ને આદરભાવથી ભરાઈ જાય છે ને તનમન શાંતિ મેળવે છે. કોરી વિદ્વત્તા ને વાચાળતા જોઈને આવું બનતું નથી.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# વિવેક, સંયમ ને પ્રભુપરાયણતાની રક્ષા જીવનમાં આવશ્યક

લગ્નજીવન ખોટું નથી. સ્રીપુરુષનો પ્રેમ ને સંબંધ પણ ખોટો નથી. તેને માયા માનીને ધિક્કારવાની જરૂર નથી. તેને વિશુદ્ધ કરવાની ને પ્રભુમય બનાવી પ્રગતિમાં મદદરૂપ કરવાની જરૂર છે. ભારતના ઋષિઓની દૃષ્ટિ એવી ઉત્તમ અને આદર્શ હતી. તેથી મહર્ષિ પરાશર મત્સ્યગંધા કે સત્યવતી સાથે સ્નેહસંબંધ કરીને પણ મહર્ષિ રહી શક્યા. ને વ્યાસ "વણપરણેલીના" હોવા છતાં પૂજ્ય જ નહિ, પરંતુ ચોવીસ અવતારોમાંના એક થઇ શક્યા. વિશ્વામિત્રે મેનકા સાથે સંબંધ કર્યો છતાં તે તપના પ્રભાવથી બ્રહ્મર્ષિ થયા ને સપ્તર્ષિમાંના એક તરીકે મનાયા. કોઇએ તેમની નિરર્થક ટીકા કે નિંદા ન કરી. તેમના ગુણ અને તેમની યોગ્યતા, તેમનું તપ અને જ્ઞાન જોઇને તેમને મોટા અને નાના સૌએ વંદનીય માન્યા. માણસોનાં મન કેટલાં મોટાં હશે ને તેમના દૃષ્ટિકોણ કેટલા વિશાળ તેનો વિચાર કરી શકાય તો કરી જોજો. કેમ કે આજેતો દૃષ્ટિ ને વૃત્તિ બંને ટૂંકી થઇ ગઇ છે.

એટલે વિવેક, સંયમ ને પ્રભુપરાયણતાની રક્ષા જ જીવનમાં મહત્ત્વની છે. બધે સ્થળે અને બધા વાતાવરણમાં તેને સાચવવાની કળામાં માણસે કુશળ થવાની જરૂર છે. એમાંથી આપોઆપ અનાસક્તિ આવી જશે. તે સધાય તો જીવન ધન્ય થાય, સફળ બની જાય.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાન:-પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૧.
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર-૧.